
શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# સમયસાર


(ગાથા-શીર્ષક, ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત)
તથા અન્વયાર્થ સહિત)




શાસનનાયક શ્રી મહાવીરસ્વામી




વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી




વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



ગદ્ય-પદ્યાનુવાદક
પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

✻ ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૨૧૫ ✻

ॐ

नमः सर्वज्ञवीतरागाय।

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસાર

ગાથા–શિર્ષક, ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત), તથા ગાથાર્થ

卐

-: અનુવાદક :-

**પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ**

બી.એસસી.

卐

-: પ્રકાશક :-

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ–૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહજ ચિદાનંદ.

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૩૦૦૦    વીર સં. ૨૫૩૪

શ્રી સમયસાર હરિગીત-ગાથાર્થ(ગુજરાતી)ના

**❀ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❀**

**સ્વ. કંચનબેન વસંતલાલ તલાટી, દાહોદ.**

**હ. મહેન્દ્રભાઈ, સ્વ. શરદભાઈ, સુભાષભાઈ, સિદ્ધાર્થભાઈ, ભદ્રેશભાઈ (સુપુત્રો) સ્વ. સુલોચનાબેન, નિરંજનાબેન (સુપુત્રીઓ)**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૬=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૭=૦૦ રાખવામાં આવી છે.

કિંમત રૂા. ૭=૦૦

મુદ્રક


**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

PH (02846) 244081

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય નિવેદન

દેવાધિદેવ પરમ ભટ્ટારક શાસનનાયક શ્રી તીર્થંકર ભગવાન મહાવીરના ગુરુપરંપરાએ પ્રાપ્ત ઉપદેશથી તથા વિદેહક્ષેત્રના વિદ્યમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાન પાસેથી મળેલ સાક્ષાત્ દિવ્યધ્વનિ શ્રવણથી ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે આ પરમ અધ્યાત્મ ગ્રંથ શ્રી સમયસારની રચના કરી છે. આ ગ્રંથાધિરાજની કૃપાથી આ પંચમકાળમાં ઘણા જીવોએ ભવાંતકારી સમ્યગ્દર્શન તથા મોક્ષમાર્ગની સાધના કરી છે. એવા આ ઉત્તમોત્તમ શ્રી સમયપ્રાભૃતનો સાચો મર્મ આ કાળે આપણા પરમતારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની અકારણ કરુણાથી જ પ્રાપ્ત થયો છે. તથા તેઓશ્રીના પ્રતાપે જ મુમુક્ષુઓમાં સમયસાર ગ્રંથનો સ્વાધ્યાય કરવાની અપૂર્વ રુચિ જાગૃત થઈ છે. તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિત શ્રી હિંમતલાલ જે. શાહ દ્વારા પરમાગમ સમયસારની ગાથાઓને ગુજરાતી હરિગીતમાં પદ્યાનુવાદ તેમજ સંસ્કૃત ટીકાઓનો અક્ષરશઃ અનુવાદ થવાથી આ પરમાગમના ભાવો મુમુક્ષુ સમાજને ઘણી જ સરળતાથી સમજાયા છે.

શ્રી સમયસાર પરમાગમ પ્રત્યે મુમુક્ષુ સમાજમાં પ્રવર્તતી ભાવભીની ભક્તિ તથા તેની અત્યંત લોકપ્રિયતાને ધ્યાનમાં લઈ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ગાથા-શિર્ષક, સમયસારનાં હરિગીતો તથા ગાથાર્થ સાથે સંગીતમય ઑડિયો સીડી તૈયાર કરવામાં આવી છે. આ સીડીના શ્રવણ સમયે મુમુક્ષુ સમાજના સ્વાધ્યાય હેતુ 'સમયસાર'નું આ લઘુ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આશા છે કે મુમુક્ષુ સમાજ આના સ્વાધ્યાયથી નિજાત્મકલ્યાણ સાધી લાભાન્વિત થશે.

આ પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપવા બદલ અમો શ્રી કહાન મુદ્રણાલય, સોનગઢના અત્યંત આભારી છીએ.

પૂજ્ય બહેનશ્રીની ૭૬મી<br>સમ્યક્ત્વ જયંતી<br>(ફાગણ વદ-૧૦)<br>તા. ૧-૪-૨૦૦૮

લિ.<br>સાહિત્યપ્રકાશનસમિતિ<br>શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ<br>સોનગઢ (સૌરાષ્ટ્ર)

# શ્રી સમયસાર પરિચય

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા કરતા હતા. તેમના શાસનમાં અનેક કેવલીઓ તથા અંગજ્ઞાનના ધારક શ્રુતકેવલીઓ થયા જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. તેમની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થયા. દિગંબર જૈનપરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. ભગવાન કુંદકુદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવના વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તદુપરાંત તેઓશ્રીએ વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં સદેહે જઈ તેમનો ઉપદેશ પ્રત્યક્ષ ઝીલી તેમની પાસેથી મળેલા જ્ઞાનથી મહાન ગ્રંથોની રચના કરી ભારતવર્ષના ભવ્યજીવોને પ્રતિબોધ કરી ભગવાન મહાવીરના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ શાસનને જીવંત રાખ્યું છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી હતી, તેમનાં સમયસાર, પ્રવચનસાર તથા પંચાસ્તિકાયસંગ્રહ નામનાં ઉત્તમોત્તમ શાસ્ત્રો પ્રાભૃતત્રય કહેવાય છે. તે પૈકીના આ સમયસારમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દ્રષ્ટિથી કથન છે.

આ એક અલૌકિક શાસ્ત્ર છે. આચાર્ય ભગવાને આ જગતના જીવો પર પરમકરુણા કરીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું યથાર્થસ્વરૂપ જેમ છે તેમ કહેવામાં આવ્યું છે. અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવોને જે કાંઈ સમજવું બાકી રહી ગયું છે તે આ પરમાગમમાં સમજાવ્યું છે.

સમ્યગ્દર્શનના વિષયભૂત યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી તે આ શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ છે. તે ઉદ્દેશને પહોંચી વળવા આ શાસ્ત્રમાં આચાર્યભગવાને અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે. જીવ અને પુદ્ગલને નિમિત્ત-નૈમેત્તિકપણું હોવા છતાં બન્નેનું તદ્દન સ્વતંત્ર પરિણમન, જ્ઞાનીને રાગદ્વેષનું અકર્તા-અભોક્તાપણું, અજ્ઞાનીને રાગદ્વેષનું કર્તા-ભોક્તાપણું, સાંખ્યદર્શનની એકાંતિકતા, ગુણસ્થાન આરોહણમાં ભાવનું અને દ્રવ્યનું નિમિત્ત-નૈમિત્તિકપણું,

વિકારરૂપે પરિણમવામાં અજ્ઞાનીનો પોતાનો જ દોષ, મિથ્યાત્વાદિનું જડપણું તેમ જ ચેતનપણું, પુણ્ય અને પાપ બંનેનું બંધસ્વરૂપપણું, મોક્ષમાર્ગમાં ચરણાનુયોગનું સ્થાન—ઇત્યાદિ અનેક વિષયો આ શાસ્ત્રમાં પ્રરૂપ્યા છે. ખરેખર આ કાળે આ શાસ્ત્ર મુમુક્ષુ ભવ્યજીવોનો પરમ આધાર છે.

વિક્રમની ૨૦-૨૧મી સદીમાં થયેલા સંત અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને આ મહાન ગ્રંથ તેમની પવિત્ર સાધકદશામાં અત્યંત ઉપકારી થયો છે. તેઓશ્રીએ આ ગ્રંથાધિરાજ ઉપર જાહેરસભામાં ૧૯ વાર નિજાત્મકલ્યાણકારી પ્રવચનો કરી સમગ્ર ભારતવર્ષના મુમુક્ષુજીવો પર પરમ ઉપકાર કર્યો છે. તેઓશ્રીના પ્રતાપે જ આ યુગને સમયસાર યુગ તરીકે ઓળખાવાય છે.

પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના શબ્દોમાં કહીએ તો—"આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે; લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે; જૈન શાસનનો એ સ્તંભ છે; સાધકની એ કામધેનુ છે, કલ્પવૃક્ષ છે, ચૌદપૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે, એની દરેક ગાથા છટ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મઅનુભવમાંથી નીકળેલી છે.

તેમના શાસનમાં તેમના સદુપદેશથી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલબંધુ, ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવનાનુસાર તથા પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની અનુમોદનાથી આ સમયસાર ગ્રંથની મૂળ પ્રાકૃત ગાથાઓનો ભાવવાહી ગુર્જર ભાષામાં પદ્યાનુવાદ તથા તેમની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ રચિત "આત્મખ્યાતિ" નામક સંસ્કૃત ટીકાનો શબ્દશઃ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે જે સમગ્ર ભારતના તથા દેશ-વિદેશના મુમુક્ષુઓને અત્યંત ઉપકારક અને પ્રિય લાગ્યો છે.

શ્રી સમયસારનો પદ્યાનુવાદ મુમુક્ષુઓને નિજાત્મકલ્યાણમાં ઉપકારી થાય તે હેતુથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા સંગીતમય રજુ કરવામાં આવ્યો છે. આશા છે કે મુમુક્ષુ સમાજ તેનાથી લાભાન્વિત થશે.

પૂજ્ય બહેનશ્રીની ૭૬મી
સમ્યક્ત્વ જયંતી
તા. ૧-૪-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–364250 (સૌરાષ્ટ્ર)

# ❀ શ્રી સમયસારજી–સ્તુતિ ❀

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

*રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

# અધિકાર : પૂર્વરંગ

(अनुष्टुभ्)

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ॥१॥

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :—

(હરિગીત)

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.

**ગાથાર્થ** :—આચાર્ય કહે છે: હું ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો! શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ. ॥૧॥

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું? તેથી હવે પહેલાં સમયને જ કહે છે :—

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.

**ગાથાર્થ** :—હે ભવ્ય! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ; અને જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ. ॥૨॥

હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે:—

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.

**ગાથાર્થ** :—એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ–વિરોધ કરનારી છે. ।।૩।।

હવે તે એકત્વની અસુલભતા બતાવે છે :—

શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.

**ગાથાર્થ** :—સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી. ।।૪।।

હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ :—

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.

**ગાથાર્થ** :—તે એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો છળ ન ગ્રહણ કરવું. ।।૫।।

હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

**ગાથાર્થ** :—જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી,—એ રીતે એને શુદ્ધ કહે છે; વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી. ।।૬।।

હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર—એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા; એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

**ગાથાર્થ** :—જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન—એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે. ॥૭॥

હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

**ગાથાર્થ** :—જેમ અનાર્ય (મ્લેચ્છ) જનને અનાર્યભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી. ॥૮॥

હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

**ગાથાર્થ** :—જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે; જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે

તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે, કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે તેથી (તે જીવ) શ્રુતકેવળી છે. ॥૯-૧૦॥

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે—પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

**ગાથાર્થ** :—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિ છે. ॥૧૧॥

હવે, “એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે” એમ કહે છે :—

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

**ગાથાર્થ** :—પરમભાવના દેખનારાઓને તો શુદ્ધ (આત્મા)નો ઉપદેશ કરનાર શુદ્ધનય જાણવાયોગ્ય છે; વળી જે જીવો અપરમભાવે સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે. ॥૧૨॥

એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે :—

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

**ગાથાર્થ** :—ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ —એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે. ॥૧૩॥

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :—

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

**ગાથાર્થ** :—જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત—એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ. ॥૧૪॥

પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે.

હવે, આ અર્થરૂપ ગાથા કહે છે:—

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.

**ગાથાર્થ** :—જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે,—કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. ॥૧૫॥

હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છે :—

દર્શન, વળી નિત જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.

**ગાથાર્થ** :—સાધુ પુરુષે દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવાયોગ્ય છે; વળી તે ત્રણેને નિશ્ચયનયથી એક આત્મા જ જાણો. ॥૧૬॥

હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દ્રષ્ટાંતથી કહે છે :—

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.
જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

**ગાથાર્થ** :—જેમ કોઈ ધનનો અર્થી પુરુષ રાજાને જાણીને શ્રદ્ધા કરે છે, ત્યાર બાદ તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે, એવી જ રીતે મોક્ષની ઈચ્છાવાળાએ જીવરૂપી રાજાને જાણવો, પછી એ રીતે જ તેનું શ્રદ્ધાન કરવું અને ત્યાર બાદ તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું. ॥૧૭-૧૮॥

સહજ ચિદાનંદ.

વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',
—એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.

ગાથાર્થ :—જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીર આદિ નોકર્મમાં 'આ હું છું' અને હુંમાં (આત્મામાં) 'આ કર્મ-નોકર્મ છે'—એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ છે. ।।૧૯।।

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.

હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.

અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

ગાથાર્થ :—જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય—સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક—તેને એમ સમજે કે હું આ છું, આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે, હું આનો છું, આ મારું છે, આ મારું પૂર્વે હતું, આનો હું પણ પૂર્વે હતો, આ મારું ભવિષ્યમાં થશે, હું પણ આનો ભવિષ્યમાં થઈશ,—આવો જૂઠો આત્મવિકલ્પ કરે છે તે મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; અને જે પુરુષ પરમાર્થ વસ્તુસ્વરૂપને જાણતો થકો એવો જૂઠો વિકલ્પ નથી કરતો તે મૂઢ નથી, જ્ઞાની છે. ।।૨૦-૨૨।।

હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :—

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.

સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.

જો જીવ પુદ્‌ગલ થાય, પામે પુદ્‌ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્‌ગલદ્રવ્ય છે'. ૨૫.

**ગાથાર્થ** :—જેની મતિ અજ્ઞાનથી મોહિત છે અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવો જીવ એમ કહે છે કે આ શરીરાદિ બદ્ધ તેમ જ ધનધાન્યાદિ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું છે. આચાર્ય કહે છે: સર્વજ્ઞના જ્ઞાન વડે દેખવામાં આવેલો જે સદા ઉપયોગલક્ષણવાળો જીવ છે તે પુદ્‌ગલદ્રવ્યરૂપ કેમ થઈ શકે કે તું કહે છે કે આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે? જો જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ જાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવપણાને પામે તો તું કહી શકે કે આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે. (પણ એવું તો થતું નથી.) ॥૨૩-૨૫॥

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છે :—

જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી
સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.

**ગાથાર્થ** :—અપ્રતિબુદ્ધ કહે છે કે : જો જીવ છે તે શરીર નથી તો તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે બધીયે મિથ્યા (જૂઠી) થાય છે; તેથી અમે સમજીએ છીએ કે આત્મા તે દેહ જ છે. ॥૨૬॥

ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને જાણતો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છે :—

જીવ-દેહ બન્ને એક છે—વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

**ગાથાર્થ :**—વ્યવહારનય તો એમ કહે છે કે જીવ અને દેહ એક જ છે; પણ નિશ્ચયનયનું કહેવું છે કે જીવ અને દેહ કદી પણ એક પદાર્થ નથી. ॥૨૭॥

વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે છે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.

આ જ વાત હવેની ગાથામાં કહે છે :—

**જીવથી જુદા પુદ્ગલમયી આ દેહને સ્તવીને મુનિ**
**માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.**

**ગાથાર્થ :**—જીવથી ભિન્ન આ પુદ્ગલમય દેહની સ્તુતિ કરીને સાધુ એમ માને છે કે મેં કેવળી ભગવાનની સ્તુતિ કરી, વંદના કરી. ॥૨૮॥

અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તર :—વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.

ઉપરની વાતને ગાથાથી કહે છે :—

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

**ગાથાર્થ :**—તે સ્તવન નિશ્ચયમાં યોગ્ય નથી કારણ કે શરીરના ગુણો કેવળીના નથી; જે કેવળીના ગુણોની સ્તુતિ કરે છે તે પરમાર્થથી કેવળીની સ્તુતિ કરે છે. ॥૨૯॥

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે :—

વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

**ગાથાર્થ** :—જેમ નગરનું વર્ણન કરતાં છતાં રાજાનું વર્ણન કરાતું (થતું) નથી, તેમ દેહના ગુણનું સ્તવન કરતાં કેવળીના ગુણોનું સ્તવન થતું નથી. ॥૩૦॥

હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :—

જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

**ગાથાર્થ** :—જે ઇંદ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેંદ્રિય કહે છે. ॥૩૧॥

હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :—

જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,
પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.

**ગાથાર્થ** :—જે મુનિ મોહને જીતીને પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક જાણે છે તે મુનિને પરમાર્થના જાણનારાઓ જિતમોહ કહે છે. ॥૩૨॥

હવે, ભાવ્યભાવક ભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છે :—

જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,
નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.

**ગાથાર્થ :**—જેણે મોહને જીત્યો છે એવા સાધુને જ્યારે મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ થાય ત્યારે નિશ્ચયના જાણનારા નિશ્ચયથી તે સાધુને 'ક્ષીણમોહ' એવા નામથી કહે છે. ।।૩૩।।

હવે તે પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા (દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થયો થકો પૂછે છે કે 'આ સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન (ત્યાગવું) તે શું છે?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છે.

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

**ગાથાર્થ :**—જેથી 'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે' એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે—ત્યાગે છે, તેથી, પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે એમ નિયમથી જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી. ।।૩૪।।

હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દ્રષ્ટાંત શું છે? તેના ઉત્તરરૂપ દ્રષ્ટાંત-દાર્ષ્ટાંતની ગાથા કહે છે :—

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

**ગાથાર્થ :**—જેમ લોકમાં કોઈ પુરુષ પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને પરવસ્તુને ત્યાગે છે, તેવી રીતે જ્ઞાની સર્વ પરદ્રવ્યોના ભાવોને 'આ પરભાવ છે' એમ જાણીને તેમને છોડે છે. ।।૩૫।।

હવે, 'આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું?' એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ—મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :—

નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.

**ગાથાર્થ** :—એમ જાણે કે 'મોહ મારો કાંઈ પણ સંબંધી નથી, એક ઉપયોગ છે તે જ હું છું'—એવું જે જાણવું તેને સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના જાણનારા મોહથી નિર્મમત્વ કહે છે. ॥૩૬॥

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :—

ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,
—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.

**ગાથાર્થ** :—એમ જાણે કે 'આ ધર્મ આદિ દ્રવ્યો મારાં કાંઈ પણ લાગતાંવળગતાં નથી, એક ઉપયોગ છે તે જ હું છું'—એવું જે જાણવું તેને સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા ધર્મદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વ કહે છે. ॥૩૭॥

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છે :—

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

**ગાથાર્થ** :—દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે: નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એ નિશ્ચય છે. ॥૩૮॥

આ પ્રમાણે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો પૂર્વરંગ અધિકાર સમાપ્ત થયો.

# અધિકાર–૧
# જીવ-અજીવ અધિકાર

હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય—એ બંને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :—

કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે ,
‘છે કર્મ, અધ્યવસાન તે જીવ’ એમ એ નિરૂપણ કરે! ૩૯.
વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષ્ણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.
કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.
કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.
દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.

**ગાથાર્થ** :—આત્માને નહિ જાણતા થકા પરને આત્મા કહેનારા કોઈ મૂઢ, મોહી, અજ્ઞાનીઓ તો અધ્યવસાનને અને કોઈ કર્મને જીવ કહે છે. બીજા કોઈ અધ્યવસાનોમાં તીવ્રમંદ અનુભાગગતને જીવ માને છે અને બીજા કોઈ નોકર્મને જીવ માને છે. અન્ય કોઈ કર્મના ઉદયને જીવ માને છે, કોઈ ‘જે તીવ્રમંદપણારૂપ ગુણોથી ભેદને પ્રાપ્ત થાય છે તે જીવ છે’ એમ કર્મના અનુભાગને જીવ ઈચ્છે છે (–માને છે). કોઈ જીવ અને કર્મ બન્ને મળેલાંને જ જીવ માને છે અને અન્ય કોઈ કર્મના સંયોગથી જ જીવ માને છે. આ પ્રકારના તથા અન્ય પણ ઘણા પ્રકારના દુર્બુદ્ધિઓ–મિથ્યાદ્રષ્ટિઓ

પરને આત્મા કહે છે. તેમને નિશ્ચયવાદીઓએ (–સત્યાર્થવાદીઓએ) પરમાર્થવાદી (–સત્યાર્થ કહેનારા) કહ્યા નથી. ।।૩૯-૪૩।।

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છે :—

પુદ્ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ<br>
સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.

**ગાથાર્થ** :—આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ ભાવો છે તે બધાય પુદ્ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ કેવળી સર્વજ્ઞ જિનદેવોએ કહ્યું છે તેમને જીવ એમ કેમ કહી શકાય? ।।૪૪।।

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો; તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,) છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યા? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :—

રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,<br>
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.

**ગાથાર્થ** :—આઠે પ્રકારનું કર્મ છે તે સર્વ પુદ્ગલમય છે એમ જિનભગવાન સર્વજ્ઞદેવો કહે છે– જે પક્વ થઈ ઉદયમાં આવતા કર્મનું ફળ પ્રસિદ્ધ દુઃખ છે એમ કહ્યું છે. ।।૪૫।।

હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :—

વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,<br>
આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.

**ગાથાર્થ** :—આ સર્વ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ છે એવો જિનવરોએ જે ઉપદેશ વર્ણવ્યો છે તે વ્યવહારનય દર્શાવ્યો છે. ।।૪૬।।

હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દ્રષ્ટાંતથી પ્રવર્ત્યો છે? તેનો ઉત્તર કહે છે :—

'નિર્ગમન આ નૃપનું થયું'—નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ , પણ ભૂપ એમાં એક છે; ૪૭.
ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
—સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

**ગાથાર્થ** :—જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં 'આ રાજા નીકળ્યો' એમ આ જે સેનાના સમુદાયને કહેવામાં આવે છે તે વ્યવહારથી કહેવામાં આવે છે, તે સેનામાં (વાસ્તવિકપણે) રાજા તો એક જ નીકળ્યો છે; તેવી જ રીતે અધ્યવસાન આદિ અન્યભાવોને '(આ) જીવ છે' એમ પરમાગમમાં કહ્યું છે તે વ્યવહાર કર્યો છે, નિશ્ચયથી વિચારવામાં આવે તો તેમનામાં જીવ તો એક જ છે. ।।૪૭-૪૮।।

હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે:—

જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.

**ગાથાર્થ** :—હે ભવ્ય! તું જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, અવ્યક્ત અર્થાત્ ઈંદ્રિયોને ગોચર નથી એવો, ચેતના જેનો ગુણ છે એવો, શબ્દરહિત, કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો જાણ. ।।૪૯।।

ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પુદ્ગલજન્ય છે—પુદ્ગલના જ છે.

એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છે :—

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.

નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.

નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.

જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.

સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.

નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.

**ગાથાર્થ :**—જીવને વર્ણ નથી, ગંધ પણ નથી, રસ પણ નથી અને સ્પર્શ પણ નથી, રૂપ પણ નથી, શરીર પણ નથી, સંસ્થાન પણ નથી, સંહનન પણ નથી; જીવને રાગ પણ નથી, દ્વેષ પણ નથી, મોહ પણ વિદ્યમાન નથી, પ્રત્યયો (આસ્રવો) પણ નથી, કર્મ પણ નથી અને નોકર્મ પણ તેને નથી; જીવને વર્ગ નથી, વર્ગણા નથી, કોઈ સ્પર્ધકો પણ નથી, અધ્યાત્મસ્થાનો પણ નથી અને અનુભાગસ્થાનો પણ નથી; જીવને કોઈ યોગસ્થાનો પણ નથી અથવા બંધસ્થાનો પણ નથી, વળી ઉદયસ્થાનો પણ નથી, કોઈ માર્ગણાસ્થાનો પણ નથી; જીવને સ્થિતિબંધસ્થાનો પણ નથી અથવા સંક્લેશસ્થાનો પણ નથી, વિશુદ્ધિસ્થાનો પણ નથી અથવા સંયમલબ્ધિસ્થાનો પણ નથી; વળી જીવને જીવસ્થાનો પણ નથી અથવા ગુણસ્થાનો પણ નથી; કારણ કે આ બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે. ।।૫૦-૫૫।।

હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે? તેનો ઉત્તર ગાથામાં કહે છે.

વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

ગાથાર્થ :—આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યન્ત ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહારનયથી તો જીવના છે (માટે સૂત્રમાં કહ્યા છે), પરંતુ નિશ્ચયનયના મતમાં તેમનામાંના કોઈ પણ જીવના નથી. ।।૫૬।।

હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છે :—

આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

ગાથાર્થ :—આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો જાણવો અને તેઓ તે જીવના નથી કારણ કે જીવ તેમનાથી ઉપયોગગુણે અધિક છે (-ઉપયોગગુણ વડે જુદો જણાય છે). ।।૫૭।।

હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે:—

દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'—
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.

ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.

એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

ગાથાર્થ :—જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો દેખીને 'આ માર્ગ લૂંટાય છે' એમ વ્યવહારી લોકો કહે છે; ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો કોઈ માર્ગ તો નથી લૂંટાતો, માર્ગમાં ચાલનાર માણસ જ લૂંટાય

છે; તેવી રીતે જીવમાં કર્મોનો અને નોકર્મોનો વર્ણ દેખીને ‘જીવનો આ વર્ણ છે’ એમ જિનદેવોએ વ્યવહારથી કહ્યું છે. એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, દેહ, સંસ્થાન આદિ જે સર્વ છે, તે સર્વ વ્યવહારથી નિશ્ચયના દેખનારા કહે છે. ||૫૮-૬૦||

હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ નથી? તેનો ઉત્તર કહે છે :—

સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,<br>
સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.

**ગાથાર્થ** :—વર્ણાદિક છે તે સંસારમાં સ્થિત જીવોને તે સંસારમાં હોય છે અને સંસારથી મુક્ત થયેલા જીવોને નિશ્ચયથી વર્ણાદિક કોઈ પણ (ભાવો) નથી; (માટે તાદાત્મ્યસંબંધ નથી). ||૬૧||

હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છે :—

આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,<br>
તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.

**ગાથાર્થ** :—વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કે: હે મિથ્યા અભિપ્રાયવાળા! જો તું એમ માને કે આ વર્ણાદિક સર્વ ભાવો જીવ જ છે, તો તારા મતમાં જીવ અને અજીવનો કાંઈ ભેદ રહેતો નથી. ||૬૨||

હવે, ‘માત્ર સંસાર-અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે’ એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છે :—

વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,<br>
સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.

એ રીત પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,<br>
ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.

**ગાથાર્થ** :—અથવા જો તારો મત એમ હોય કે સંસારમાં સ્થિત જીવોને જ વર્ણાદિક (તાદાત્મ્યસ્વરૂપે) છે, તો તે કારણે સંસારમાં સ્થિત જીવો રૂપીપણાને પામ્યા; એમ થતાં, તેવું લક્ષણ તો (અર્થાત્ રૂપીપણું લક્ષણ તો) પુદ્‌ગલદ્રવ્યનું હોવાથી, હે મૂઢબુદ્ધિ! પુદ્‌ગલદ્રવ્ય તે જ જીવ ઠર્યું અને (માત્ર સંસાર-અવસ્થામાં જ નહિ પણ) નિર્વાણ પામ્યે પણ પુદ્‌ગલ જ જીવપણાને પામ્યું! ।।૬૩-૬૪।।

આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છે :—

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને<br>
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.

પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,<br>
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.

**ગાથાર્થ** :—એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવ—એ નામકર્મની પ્રકૃતિઓ છે; આ પ્રકૃતિઓ કે જેઓ પુદ્‌ગલમય તરીકે પ્રસિદ્ધ છે તેમના વડે કરણસ્વરૂપ થઈને રચાયેલાં જે જીવસ્થાનો (જીવસમાસ) છે તેઓ જીવ કેમ કહેવાય? ।।૬૫-૬૬।।

હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છે :—

પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી<br>
કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.

**ગાથાર્થ** :—જે પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ અને બાદર આદિ જેટલી દેહને જીવસંજ્ઞા કહી છે તે બધી સૂત્રમાં વ્યવહારથી કહી છે. ।।૬૭।।

હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથી :—

મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,
તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.

**ગાથાર્થ :**—જે આ ગુણસ્થાનો છે તે મોહકર્મના ઉદયથી થાય છે એમ (સર્વજ્ઞનાં આગમમાં) વર્ણવવામાં આવ્યું છે; તેઓ જીવ કેમ હોઈ શકે કે જેઓ સદા અચેતન કહેવામાં આવ્યાં છે? ।।૬૮।।

આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા.

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો જીવ-અજીવ પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.

# અધિકાર–૨
# કર્તાકર્મ અધિકાર

'હવે જીવ-અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે'

હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છે :—

આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.

જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.

**ગાથાર્થ** :—જીવ જ્યાં સુધી આત્મા અને આસ્રવ—એ બન્નેના તફાવત અને ભેદને જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિક આસ્રવોમાં પ્રવર્તે છે; ક્રોધાદિકમાં વર્તતા તેને કર્મનો સંચય થાય છે. ખરેખર આ રીતે જીવને કર્મોનો બંધ સર્વજ્ઞદેવોએ કહ્યો છે. ॥૬૯-૭૦॥

હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છે :—

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.

**ગાથાર્થ** :—જ્યારે આ જીવ આત્માના અને આસ્રવોના તફાવત અને ભેદને જાણે ત્યારે તેને બંધ થતો નથી. ॥૭૧॥

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :—

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

**ગાથાર્થ** :—આસ્રવોનું અશુચિપણું અને વિપરીતપણું તથા તેઓ દુઃખનાં કારણ છે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે. ॥૭૨॥

હવે પૂછે છે કે કઈ વિધિથી (–રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

**ગાથાર્થ** :—જ્ઞાની વિચારે છે કે: નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં (–તે ચૈતન્ય-અનુભવમાં) લીન થતો (હું) આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું. ॥૭૩॥

હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

**ગાથાર્થ** :—આ આસ્રવો જીવની સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે તેમ જ અશરણ છે, વળી તેઓ દુઃખરૂપ છે, દુઃખ જ જેમનું ફળ છે એવા છે,—એવું જાણીને જ્ઞાની તેમનાથી નિવૃત્તિ કરે છે. ॥૭૪॥

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? તેનું ચિહ્ન (લક્ષણ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

**ગાથાર્થ** :—જે આત્મા આ કર્મના પરિણામને તેમ જ

નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે. ॥૭૫॥

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ—

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.

**ગાથાર્થ** :—જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને જાણતો હોવા છતાં નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઊપજતો નથી. ॥૭૬॥

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :—

વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.

**ગાથાર્થ** :—જ્ઞાની અનેક પ્રકારના પોતાના પરિણામને જાણતો હોવા છતાં નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઊપજતો નથી. ॥૭૭॥

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :—

પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.

**ગાથાર્થ** :—જ્ઞાની પુદ્‌ગલકર્મનું ફળ કે જે અનંત છે તેને જાણતો હોવા છતાં પરમાર્થે પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઊપજતો નથી. ॥૭૮॥

હવે પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે

કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :—

એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.

**ગાથાર્થ** :—એવી રીતે પુદ્ગલદ્રવ્ય પણ પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતું નથી, તેને ગ્રહણ કરતું નથી અને તે-રૂપે ઊપજતું નથી; કારણ કે તે પોતાના જ ભાવોથી (–ભાવોરૂપ) પરિણમે છે. ॥૭૯॥

જોકે જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને અન્યોન્ય (પરસ્પર) નિમિત્ત-માત્રપણું છે તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી એમ હવે કહે છે :—

જીવભાવહેતુ પામી પુદ્ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.

જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.

એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

**ગાથાર્થ** :—પુદ્ગલો જીવના પરિણામના નિમિત્તથી કર્મપણે પરિણમે છે, તેમ જ જીવ પણ પુદ્ગલકર્મના નિમિત્તથી પરિણમે છે. જીવ કર્મના ગુણોને કરતો નથી તેમ જ કર્મ જીવના ગુણોને કરતું નથી; પરંતુ પરસ્પર નિમિત્તથી બન્નેના પરિણામ જાણો. આ કારણે આત્મા પોતાના જ ભાવથી કર્તા (કહેવામાં આવે) છે પરંતુ પુદ્ગલકર્મથી કરવામાં આવેલા સર્વ ભાવોનો કર્તા નથી. ॥૮૦-૮૨॥

તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ (ભોક્તાભોગ્યપણું) છે એમ હવે કહે છે :—

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

ગાથાર્થ :—નિશ્ચયનયનો એમ મત છે કે આત્મા પોતાને જ કરે છે અને વળી આત્મા પોતાને જ ભોગવે છે એમ હે શિષ્ય! તું જાણ. ।।૮૩।।

હવે વ્યવહાર દર્શાવે છે :—

આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ—મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

ગાથાર્થ :—વ્યવહારનયનો એ મત છે કે આત્મા અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને કરે છે અને વળી તે જ અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને તે ભોગવે છે. ।।૮૪।।

હવે આ વ્યવહારને દૂષણ દે છે:—

પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

ગાથાર્થ:—જો આત્મા આ પુદ્‌ગલકર્મને કરે અને તેને જ ભોગવે તો તે આત્મા બે ક્રિયાથી અભિન્ન ઠરે એવો પ્રસંગ આવે છે—જે જિનદેવને સંમત નથી. ।।૮૫।।

હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદૃષ્ટિ કઈ રીતે છે? તેનું સમાધાન કરે છે :—

જીવભાવ, પુદ્‌ગલભાવ—બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

ગાથાર્થ :—જેથી આત્માના ભાવને અને પુદ્‌ગલના ભાવને—બન્નેને આત્મા કરે છે એમ તેઓ માને છે તેથી એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા મિથ્યાદૃષ્ટિ છે. ।।૮૬।।

(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે

જે એવું માને તે મિથ્યાદ્રષ્ટિ છે; ત્યાં આશંકા ઊપજે છે કે—આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે :—)

મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને
અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.

**ગાથાર્થ** :—વળી, જે મિથ્યાત્વ કહ્યું તે બે પ્રકારે છે—એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ; અને એવી જ રીતે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને ક્રોધાદિ કષાયો—આ (સર્વ) ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે. ॥૮૭॥

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છે :—

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.

**ગાથાર્થ** :—જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે તે તો પુદ્ગલકર્મ છે; અને જે અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ જીવ છે તે તો ઉપયોગ છે. ॥૮૮॥

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો? તેનો ઉત્તર કહે છે :—

છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.

**ગાથાર્થ** :—અનાદિથી મોહયુક્ત હોવાથી ઉપયોગના અનાદિથી માંડીને ત્રણ પરિણામ છે; તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિભાવ (એ ત્રણ) જાણવા. ॥૮૯॥

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે :–

એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.

ગાથાર્થ :—અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો હોવાથી, આત્માનો ઉપયોગ—જોકે (શુદ્ધનયથી) તે શુદ્ધ, નિરંજન (એક) ભાવ છે તોપણ—ત્રણ પ્રકારનો થયો થકો તે ઉપયોગ જે (વિકારી) ભાવને પોતે કરે છે તે ભાવનો તે કર્તા થાય છે. ॥૯૦॥

હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છે :—

જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

ગાથાર્થ :—આત્મા જે ભાવને કરે છે તે ભાવનો તે કર્તા થાય છે; તે કર્તા થતાં પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મપણે પરિણમે છે. ॥૯૧॥

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે :—

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

ગાથાર્થ :—જે પરને પોતારૂપ કરે છે અને પોતાને પણ પર કરે છે તે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા થાય છે. ॥૯૨॥

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છે :—

પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

ગાથાર્થ :—જે પરને પોતારૂપ કરતો નથી અને પોતાને પણ પર કરતો નથી તે જ્ઞાનમય જીવ કર્મોનો અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી. ॥૯૪॥

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? તેનો ઉત્તર કહે છે :—

‘હું ક્રોધ’ એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

ગાથાર્થ :—ત્રણ પ્રકારનો આ ઉપયોગ ‘હું ક્રોધ છું’ એવો પોતાનો વિકલ્પ કરે છે; તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. ॥૯૪॥

હવે એ જ વાતને વિશેષ કહે છે :—

‘હું ધર્મ આદિ’ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

ગાથાર્થ :—ત્રણ પ્રકારનો આ ઉપયોગ ‘હું ધર્માસ્તિકાય આદિ છું’ એવો પોતાનો વિકલ્પ કરે છે; તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. ॥૯૫॥

‘તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું’ એમ હવે કહે છે :—

જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

ગાથાર્થ :—આ રીતે મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની અજ્ઞાનભાવથી પર દ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પર કરે છે. ॥૯૬॥

‘તેથી (પૂર્વોક્ત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે’ એમ હવે કહે છે :—

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
—એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

ગાથાર્થ :—આ (પૂર્વોક્ત) કારણથી નિશ્ચયના જાણનારા

જ્ઞાનીઓએ તે આત્માને કર્તા કહ્યો છે—આવું નિશ્ચયથી જે જાણે છે તે (જ્ઞાની થયો થકો) સર્વ કર્તૃત્વને છોડે છે. ॥૯૭॥

હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે :—

ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,
નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.

**ગાથાર્થ** :—વ્યવહારથી અર્થાત્ વ્યવહારી લોકો માને છે કે જગતમાં આત્મા ઘડો, કપડું, રથ ઈત્યાદિ વસ્તુઓને, વળી ઈંદ્રિયોને, અનેક પ્રકારનાં ક્રોધાદિ દ્રવ્યકર્મોને અને શરીરાદિ નોકર્મોને કરે છે. ॥૯૮॥

વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે :—

પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,
પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.

**ગાથાર્થ** :—જો આત્મા પરદ્રવ્યોને કરે તો તે નિયમથી તન્મય અર્થાત્ પરદ્રવ્યમય થઈ જાય; પરંતુ તન્મય નથી તેથી તે તેમનો કર્તા નથી. ॥૯૯॥

આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ) નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છે :—

જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

**ગાથાર્થ** :—જીવ ઘટને કરતો નથી, પટને કરતો નથી, બાકીનાં કોઈ દ્રવ્યોને (વસ્તુઓને) કરતો નથી; પરંતુ જીવના યોગ અને ઉપયોગ ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે તેમનો કર્તા જીવ થાય છે. ॥૧૦૦॥

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છે :—

જ્ઞાનાવરણઆદિક જે પુદ્ગલ તણા પરિણામ છે,
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

**ગાથાર્થ** :—જે જ્ઞાનાવરણાદિક પુદ્‌ગલદ્રવ્યોના પરિણામ છે તેમને જે આત્મા કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે. ।।૧૦૧।।

વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છે :—

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.

**ગાથાર્થ** :—આત્મા જે શુભ કે અશુભ (પોતાના) ભાવને કરે છે તે ભાવનો તે ખરેખર કર્તા થાય છે, તે (ભાવ) તેનું કર્મ થાય છે અને તે આત્મા તેનો (તે ભાવરૂપ કર્મનો) ભોક્તા થાય છે. ।।૧૦૨।।

પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે :—

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.

**ગાથાર્થ** :—જે વસ્તુ (અર્થાત્ દ્રવ્ય) જે દ્રવ્યમાં અને ગુણમાં વર્તે છે તે અન્ય દ્રવ્યમાં તથા ગુણમાં સંક્રમણ પામતી નથી (અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી); અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી તે (વસ્તુ), અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? ।।૧૦૩।।

આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્‌ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છે :—

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.

**ગાથાર્થ** :—આત્મા પુદ્‌ગલમય કર્મમાં દ્રવ્યને તથા ગુણને કરતો નથી; તેમાં તે બન્નેને નહિ કરતો થકો તે તેનો કર્તા કેમ હોય? ।।૧૦૪।।

માટે આ સિવાય બીજો—એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવો તે—ઉપચાર છે, એમ હવે કહે છે :—

જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

ગાથાર્થ :—જીવ નિમિત્તભૂત બનતાં કર્મબંધનું પરિણામ થતું દેખીને, 'જીવે કર્મ કર્યું' એમ ઉપચારમાત્રથી કહેવાય છે. ।।૧૦૫।।

હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દૃષ્ટાંતથી કહે છે :—

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.

ગાથાર્થ :—યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, 'રાજાએ યુદ્ધ કર્યું' એમ લોક (વ્યવહારથી) કહે છે તેવી રીતે 'જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યું' એમ વ્યવહારથી કહેવાય છે. ।।૧૦૬।।

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યું :—

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે
પુદ્‌ગલદરવને આતમા—વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.

ગાથાર્થ :—આત્મા પુદ્‌ગલદ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમાવે છે અને ગ્રહણ કરે છે—એ વ્યવહારનયનું કથન છે. ।।૧૦૭।।

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દૃષ્ટાંતથી કહે છે :—

ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.

ગાથાર્થ :—જેમ રાજાને પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન

કરનાર વ્યવહારથી કહ્યો છે, તેમ જીવને પુદ્‌ગલદ્રવ્યનાં દ્રવ્ય-ગુણનો ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે. ॥૧૦૮॥

પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છે :—

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
—મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.
વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
—મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.
પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.
જેથી ખરે ‘ગુણ’ નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, ‘ગુણો’ કરે છે કર્મને. ૧૧૨.

**ગાથાર્થ** :—ચાર સામાન્ય પ્રત્યયો નિશ્ચયથી બંધના કર્તા કહેવામાં આવે છે—મિથ્યાત્વ, અવિરમણ તથા કષાય અને યોગ (એ ચાર) જાણવા. અને વળી તેમનો, આ તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે—મિથ્યાદૃષ્ટિ(ગુણસ્થાન)થી માંડીને સયોગકેવળી(ગુણસ્થાન)ના ચરમ સમય સુધીનો. આ (પ્રત્યયો અથવા ગુણસ્થાનો) કે જેઓ નિશ્ચયથી અચેતન છે કારણ કે પુદ્‌ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે તેઓ જો કર્મ કરે તો ભલે કરે; તેમનો (કર્મોનો) ભોક્તા પણ આત્મા નથી. જેથી આ ‘ગુણ’ નામના પ્રત્યયો કર્મ કરે છે તેથી જીવ તો કર્મનો અકર્તા છે અને ‘ગુણો’ જ કર્મોને કરે છે. ॥૧૦૯-૧૧૨॥

વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છે :—

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.
તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.

જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

**ગાથાર્થ :**—જેમ જીવને ઉપયોગ અનન્ય અર્થાત્ એકરૂપ છે તેમ જો ક્રોધ પણ અનન્ય હોય તો એ રીતે જીવને અને અજીવને અનન્યપણું આવી પડ્યું. એમ થતાં, આ જગતમાં જે જીવ છે તે જ નિયમથી તેવી જ રીતે અજીવ ઠર્યો; (બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો;) પ્રત્યય, નોકર્મ અને કર્મના એકપણામાં અર્થાત્ અનન્યપણામાં પણ આ જ દોષ આવે છે. હવે જો (આ દોષના ભયથી) તારા મતમાં ક્રોધ અન્ય છે અને ઉપયોગસ્વરૂપ આત્મા અન્ય છે, તો જેમ ક્રોધ તેમ પ્રત્યયો કર્મ અને નોકર્મ પણ આત્માથી અન્ય જ છે. ॥૧૧૩-૧૧૫॥

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે (અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે) :—

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.

જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.

જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્ગલદ્રવ્યને,
ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.

સ્વયમેવ પુદ્ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯.

પુદ્ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઈત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

**ગાથાર્થ :**—આ પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં બંધાયું નથી અને

કર્મભાવે સ્વયં પરિણમતું નથી એમ જો માનવામાં આવે તો તે અપરિણામી ઠરે છે; અને કાર્મણવર્ગણાઓ કર્મભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી જીવ પુદ્‌ગલદ્રવ્યોને કર્મભાવે પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતી એવી તે વર્ગણાઓને ચેતન આત્મા કેમ પરિણમાવી શકે? અથવા જો પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મભાવે પરિણમે છે એમ માનવામાં આવે, તો જીવ કર્મને અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને કર્મપણે પરિણમાવે છે એમ કહેવું મિથ્યા ઠરે છે.

માટે જેમ નિયમથી કર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય કર્મ જ છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ-રૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ જ જાણો. ॥૧૧૬-૧૨૦॥

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છે :—

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.

ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.

જો ક્રોધ—પુદ્‌ગલકર્મ—જીવને પરિણમાવે ક્રોધમાં,
ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.

અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે—તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં—મિથ્યા બને. ૧૨૪.

ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.

**ગાથાર્થ :—**સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે હે ભાઈ! આ જીવ કર્મમાં સ્વયં બંધાયો નથી અને ક્રોધાદિભાવે સ્વયં પરિણમતો નથી એમ જો તારો મત હોય તો તે (જીવ) અપરિણામી ઠરે

છે; અને જીવ પોતે ક્રોધાદિભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી પુદ્ગલકર્મ જે ક્રોધ તે જીવને ક્રોધપણે પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતા એવા તે જીવને ક્રોધ કેમ પરિણમાવી શકે? અથવા જો આત્મા પોતાની મેળે ક્રોધભાવે પરિણમે છે એમ તારી બુદ્ધિ હોય, તો ક્રોધ જીવને ક્રોધપણે પરિણમાવે છે એમ કહેવું મિથ્યા ઠરે છે.

માટે એ સિદ્ધાંત છે કે ક્રોધમાં ઉપયુક્ત (અર્થાત્ જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો) આત્મા ક્રોધ જ છે, માનમાં ઉપયુક્ત આત્મા માન જ છે, માયામાં ઉપયુક્ત આત્મા માયા છે અને લોભમાં ઉપયુક્ત આત્મા લોભ છે. ।।૧૨૧-૧૨૫।।

સહજ ચિદાનંદ.

જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છે :—

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.

**ગાથાર્થ :**—આત્મા જે ભાવને કરે છે તે ભાવરૂપ કર્મનો તે કર્તા થાય છે; જ્ઞાનીને તો તે ભાવ જ્ઞાનમય છે અને અજ્ઞાનીને અજ્ઞાનમય છે. ।।૧૨૬।।

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છે :—

અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.

**ગાથાર્થ :**—અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવ છે તેથી અજ્ઞાની કર્મોને કરે છે, અને જ્ઞાનીને તો જ્ઞાનમય (ભાવ) છે તેથી જ્ઞાની કર્મોને કરતો નથી. ।।૧૨૭।।

આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.

અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.

**ગાથાર્થ :**—કારણ કે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનીના સર્વ ભાવો ખરેખર જ્ઞાનમય જ હોય છે. અને, કારણ કે અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય જ હોય છે. ।।૧૨૮-૧૨૯।।

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :—

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.

ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

**ગાથાર્થ :**—જેમ સુવર્ણમય ભાવમાંથી સુવર્ણમય કુંડળ વગેરે ભાવો થાય છે અને લોહમય ભાવમાંથી લોહમય કડાં વગેરે ભાવો થાય છે, તેમ અજ્ઞાનીને (અજ્ઞાનમય ભાવમાંથી) અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો થાય છે અને જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) સર્વ જ્ઞાનમય ભાવો થાય છે. ॥૧૩૦-૧૩૧॥

આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે :—

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.

જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.

શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.

આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે; ૧૩૫.

કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

**ગાથાર્થ :**—જીવોને જે તત્ત્વનું અજ્ઞાન (અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ—વિપરીત જ્ઞાન) છે તે અજ્ઞાનનો ઉદય છે અને જીવને જે (તત્ત્વનું) અશ્રદ્ધાન છે તે મિથ્યાત્વનો ઉદય છે; વળી જીવોને જે

અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે અસંયમનો ઉદય છે અને જીવોને જે મલિન (અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત) ઉપયોગ છે તે કષાયનો ઉદય છે; વળી જીવોને જે શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ (મનવચનકાયા-આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે તે યોગનો ઉદય જાણ.

આ (ઉદયો) હેતુભૂત થતાં જે કાર્મણ-વર્ગણાગત (કાર્મણવર્ગણારૂપ) પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે ખરેખર જીવમાં બંધાય છે ત્યારે જીવ (પોતાના અજ્ઞાનમય) પરિણામભાવોનો હેતુ થાય છે. ।।૧૩૨-૧૩૬।।

જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :—

જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,
તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.
પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.

**ગાથાર્થ :**—જો પુદ્‌ગલદ્રવ્યને જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે (અર્થાત્ બન્ને ભેળાં થઈને જ કર્મરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો એ રીતે પુદ્‌ગલ અને જીવ બન્ને ખરેખર કર્મપણાને પામે. પરંતુ કર્મભાવે પરિણામ તો પુદ્‌ગલદ્રવ્યને એકને જ થાય છે તેથી જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ કર્મનું પરિણામ છે. ।।૧૩૭-૧૩૮।।

પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :—

જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,
તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.

પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.

**ગાથાર્થ :**—જો જીવને કર્મની સાથે જ રાગાદિ પરિણામો થાય છે (અર્થાત્ બન્ને ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો એ રીતે જીવ અને કર્મ બન્ને રાગાદિપણાને પામે. પરંતુ રાગાદિભાવે પરિણામ તો જીવને એકને જ થાય છે તેથી કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ જીવનું પરિણામ છે. ॥૧૩૯-૧૪૦॥

'આત્માનાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે'—તે હવે નયવિભાગથી કહે છે :—

છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧.

**ગાથાર્થ :**—જીવમાં કર્મ (તેના પ્રદેશો સાથે) બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે એવું શુદ્ધનયનું કથન છે. ॥૧૪૧॥

પણ તેથી શું? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,—એમ હવે ગાથામાં કહે છે :—

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

**ગાથાર્થ :**—જીવમાં કર્મ બદ્ધ છે અથવા અબદ્ધ છે—એ પ્રકારે તો નયપક્ષ જાણ; પણ જે પક્ષાતિક્રાંત (અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો) કહેવાય છે તે સમયસાર (અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ) છે. ॥૧૪૨॥

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'—એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :—

નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.

**ગાથાર્થ :**—નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), બન્ને નયોના કથનને કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી. ।।૧૪૩।।

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે—એમ હવે કહે છે :—

સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,
નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.

**ગાથાર્થ :**—જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે તે સમયસાર છે; આને જ (–સમયસારને જ) કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા (નામ) મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.) ।।૧૪૪।।

આ પ્રમાણે જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડીને બહાર નીકળી ગયા.

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો કર્તા-કર્મ પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.

* * *

# અધિકાર–૩
# પુણ્ય-પાપ અધિકાર

'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે'.

હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :—

છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!
તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.

**ગાથાર્થ :**—અશુભ કર્મ કુશીલ છે (–ખરાબ છે) અને શુભ કર્મ સુશીલ છે (–સારું છે) એમ તમે જાણો છો! તે સુશીલ કેમ હોય કે જે (જીવને) સંસારમાં પ્રવેશ કરાવે છે? ।।૧૪૫।।

હવે, (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધનાં કારણ છે એમ સિદ્ધ કરે છે :—

જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.

**ગાથાર્થ :**—જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની પણ બાંધે છે, તેવી રીતે શુભ તેમ જ અશુભ કરેલું કર્મ જીવને (અવિશેષપણે) બાંધે છે. ।।૧૪૬।।

હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :—

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.

**ગાથાર્થ :**—માટે એ બન્ને કુશીલો સાથે રાગ ન કરો અથવા સંસર્ગ પણ ન કરો કારણ કે કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે). ।।૧૪૭।।

હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છે :—

જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.
એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.

**ગાથાર્થ** :—જેમ કોઈ પુરુષ કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા પુરુષને જાણીને તેની સાથે સંસર્ગ અને રાગ કરવો છોડી દે છે, તેવી જ રીતે સ્વભાવમાં રત પુરુષો કર્મપ્રકૃતિના શીલ-સ્વભાવને કુત્સિત અર્થાત્ ખરાબ જાણીને તેની સાથે સંસર્ગ છોડી દે છે અને રાગ છોડી દે છે. ॥૧૪૮-૧૪૯॥

હવે, બન્ને કર્મો બંધનાં કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છે :—

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
—એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

**ગાથાર્થ** :—રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો જીવ કર્મથી છૂટે છે—આ જિનભગવાનનો ઉપદેશ છે; માટે (હે ભવ્ય જીવ!) તું કર્મોમાં પ્રીતિ–રાગ ન કર. ॥૧૫૦॥

હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :—

પરમાર્થ છે નકી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,
એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.

**ગાથાર્થ** :—નિશ્ચયથી જે પરમાર્થ (પરમ પદાર્થ) છે, સમય છે, શુદ્ધ છે, કેવળી છે, મુનિ છે, જ્ઞાની છે, તે સ્વભાવમાં સ્થિત મુનિઓ નિર્વાણને પામે છે. ॥૧૫૧॥

હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છે :—

પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.

ગાથાર્થ :—પરમાર્થમાં અસ્થિત એવો જે જીવ તપ કરે છે તથા વ્રત ધારણ કરે છે, તેનાં તે સર્વ તપ અને વ્રતને સર્વજ્ઞો બાળતપ અને બાળવ્રત કહે છે. ॥૧૫૨॥

જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :—

વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.

ગાથાર્થ :—વ્રત અને નિયમો ધારણ કરતા હોવા છતાં તેમ જ શીલ અને તપ કરતા હોવા છતાં જેઓ પરમાર્થથી બાહ્ય છે (અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી) તેઓ નિર્વાણને પામતા નથી. ॥૧૫૩॥

હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :—

પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.

ગાથાર્થ :—જેઓ પરમાર્થથી બાહ્ય છે તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા—જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ—અજ્ઞાનથી પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) ઇચ્છે છે. ॥૧૫૪॥

હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :—

જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.

ગાથાર્થ :—જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે, તે જીવાદિ

પદાર્થોનો અધિગમ જ્ઞાન છે અને રાગાદિનો ત્યાગ ચારિત્ર છે;—આ જ મોક્ષનો માર્ગ છે. ।।૧૫૫।।

હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છેઃ—

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

**ગાથાર્થ** :—નિશ્ચયનયના વિષયને છોડીને વિદ્વાનો વ્યવહાર વડે પ્રવર્તે છે; પરંતુ પરમાર્થને (—આત્મસ્વરૂપને) આશ્રિત યતીશ્વરોને જ કર્મનો નાશ આગમમાં કહ્યો છે. (કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી.) ।।૧૫૬।।

હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :—

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.

**ગાથાર્થ** :—જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી ખરડાયો થકો નાશ પામે છે—તિરોભૂત થાય છે, તેવી રીતે મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું—વ્યાપ્ત થયું—થકું સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે એમ જાણવું. જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી ખરડાયો થકો નાશ પામે છે—તિરોભૂત થાય છે, તેવી રીતે અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું—વ્યાપ્ત થયું—થકું જ્ઞાન તિરોભૂત થાય છે એમ જાણવું. જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી ખરડાયો થકો નાશ પામે છે—તિરોભૂત થાય છે, તેવી રીતે કષાયરૂપી મેલથી ખરડાયું—વ્યાપ્ત થયું—થકું ચારિત્ર પણ તિરોભૂત થાય છે એમ જાણવું. ।।૧૫૭-૧૫૯।।

હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે :—

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

**ગાથાર્થ :—**તે આત્મા (સ્વભાવથી) સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ પોતાના કર્મમળથી ખરડાયો—વ્યાપ્ત થયો—થકો સંસારને પ્રાપ્ત થયેલો તે સર્વ પ્રકારે સર્વને જાણતો નથી. ।।૧૬૦।।

હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે એમ બતાવે છે :—

સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.

એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.

ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

**ગાથાર્થ :—**સમ્યક્ત્વને રોકનારું મિથ્યાત્વ છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે એમ જાણવું. જ્ઞાનને રોકનારું અજ્ઞાન છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ અજ્ઞાની થાય છે એમ જાણવું. ચારિત્રને રોકનાર કષાય છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ અચારિત્રી થાય છે એમ જાણવું. ।।૧૬૧-૧૬૩।।

પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું.

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો પુણ્ય-પાપ પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.

* * *

# અધિકાર–૪
# આસ્રવ અધિકાર

શરૂઆત :–'હવે આસ્રવ પ્રવેશ કરે છે

હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :—

મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ [1]સંજ્ઞ [2]અસંજ્ઞ છે,
એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.
વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

**ગાથાર્થ :**—મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ—એ આસ્રવો સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્‌ગલના વિકાર) પણ છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો—કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ—જીવના જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞ આસ્રવો જ્ઞાનાવરણ આદિ કર્મનું કારણ (નિમિત્ત) થાય છે અને તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ કારણ (નિમિત્ત) થાય છે. ॥૧૬૪-૧૬૫॥

હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :—

સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

**ગાથાર્થ :**—સમ્યગ્દૃષ્ટિને આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ નથી, (કારણ કે) આસ્રવનો (ભાવાસ્રવનો) નિરોધ છે; નવાં કર્મોને નહિ બાંધતો તે, સત્તામાં રહેલાં પૂર્વે બંધાયેલાં કર્મોને જાણે જ છે. ॥૧૬૬॥

હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :—

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.

**ગાથાર્થ :—**જીવે કરેલો રાગાદિયુક્ત ભાવ બંધક (અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. રાગાદિથી વિમુક્ત ભાવ બંધક નથી, કેવળ જ્ઞાયક જ છે. ॥૧૬૭॥

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :—

ફળ પકવ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,
ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.

**ગાથાર્થ :—**જેમ પાકું ફળ ખરી પડતાં ફરીને ફળ ડીંટા સાથે જોડાતું નથી, તેમ જીવને કર્મભાવ ખરી જતાં (અર્થાત્ છૂટો થતાં) ફરીને ઉત્પન્ન થતો નથી (અર્થાત્ જીવ સાથે જોડાતો નથી). ॥૧૬૮॥

હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :—

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

**ગાથાર્થ :—**તે જ્ઞાનીને પૂર્વે બંધાયેલા સમસ્ત પ્રત્યયો માટીનાં ઢેફાં સમાન છે અને તે (માત્ર) કાર્મણ શરીર સાથે બંધાયેલ છે. ॥૧૬૯॥

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

**ગાથાર્થ:—**કારણ કે ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો જ્ઞાનદર્શનગુણો વડે સમયે સમયે અનેક પ્રકારનું કર્મ બાંધે છે તેથી જ્ઞાની તો અબંધ છે. ॥૧૭૦॥

હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,<br>
ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.

**ગાથાર્થ** :—કારણ કે જ્ઞાનગુણ, જઘન્ય જ્ઞાનગુણને લીધે ફરીને પણ અન્યપણે પરિણમે છે, તેથી તે (જ્ઞાનગુણ) કર્મનો બંધક કહેવામાં આવ્યો છે. ॥૧૭૧॥

હવે વળી ફરી પૂછે છે કે—જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,<br>
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૭૨.

**ગાથાર્થ** :—કારણ કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્ય ભાવે પરિણમે છે તેથી જ્ઞાની અનેક પ્રકારનાં પુદ્ગલકર્મથી બંધાય છે. ॥૧૭૨॥

હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :—

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદ્રષ્ટિને,<br>
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.

અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,<br>
જ્ઞાનાવરણ ઈત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.

સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;<br>
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.

આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,<br>
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.

**ગાથાર્થ :**—સમ્યગ્દૃષ્ટિને બધા પૂર્વે બંધાયેલા પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) સત્તારૂપે મોજૂદ છે તેઓ ઉપયોગના પ્રયોગ અનુસાર, કર્મભાવ વડે (—રાગાદિક વડે) નવો બંધ કરે છે. તે પ્રત્યયો, નિરુપભોગ્ય રહીને પછી જે રીતે ઉપભોગ્ય થાય છે તે રીતે, જ્ઞાનાવરણાદિ ભાવે સાત-આઠ પ્રકારનાં થયેલાં એવાં કર્મોને બાંધે છે. સત્તા-અવસ્થામાં તેઓ નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી—જેમ જગતમાં બાળ સ્ત્રી પુરુષને નિરુપભોગ્ય છે તેમ; તેઓ ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં બંધન કરે છે—જેમ તરુણ સ્ત્રી પુરુષને બાંધે છે તેમ. આ કારણથી સમ્યગ્દૃષ્ટિને અબંધક કહ્યો છે, કારણ કે આસ્રવભાવના અભાવમાં પ્રત્યયોને (કર્મના) બંધક કહ્યા નથી. ।।૧૭૩-૧૭૬।।

કારણ કે જ્ઞાનીને રાગદ્વેષમોહ તો અસંભવ છે તેથી તેને બંધન નથી કેમકે તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે.

હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :—

નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદૃષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.
હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.

**ગાથાર્થ :**—રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો સમ્યગ્દૃષ્ટિને નથી તેથી આસ્રવભાવ વિના દ્રવ્યપ્રત્યયો કર્મબંધનાં કારણ થતા નથી.

(મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ આઠ પ્રકારનાં કર્મોનાં કારણ કહેવામાં આવ્યા છે, અને તેમને પણ (જીવના) રાગાદિ ભાવો કારણ છે; તેથી રાગાદિ ભાવોના અભાવમાં કર્મ બંધાતાં નથી. (માટે સમ્યગ્દૃષ્ટિને બંધ નથી.) ।।૧૭૭-૧૭૮।।

જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને ફરીને રાગાદિના સંબંધને પામે છે એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે એવા થયા થકા, પૂર્વબદ્ધ

દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે (–કર્મોને બાંધે છે)—કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :—

પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.

ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

**ગાથાર્થ :**—જેમ પુરુષ વડે ગ્રહાયેલો જે આહાર તે ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો અનેક પ્રકારે માંસ, વસા, રુધિર આદિ ભાવોરૂપે પરિણમે છે, તેમ જ્ઞાનીને પૂર્વે બંધાયેલા જે દ્રવ્યાસ્રવો છે તે બહુ પ્રકારનાં કર્મ બાંધે છે;—એવા જીવો શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. (જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને કર્મ બંધાય છે.) ॥૧૭૯-૧૮૦॥

આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.

* * *

# અધિકાર–૫
# સંવર અધિકાર

'હવે સંવર પ્રવેશ કરે છે'

ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :—

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.

ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.

આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

**ગાથાર્થ :—**ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિકમાં કોઈ ઉપયોગ નથી; વળી ક્રોધ ક્રોધમાં જ છે, ઉપયોગમાં નિશ્ચયથી ક્રોધ નથી. આઠ પ્રકારનાં કર્મ તેમ જ નોકર્મમાં ઉપયોગ નથી અને ઉપયોગમાં કર્મ તેમ જ નોકર્મ નથી.—આવું અવિપરીત જ્ઞાન જ્યારે જીવને થાય છે, ત્યારે તે ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મા ઉપયોગ સિવાય અન્ય કોઈ પણ ભાવને કરતો નથી. ॥૧૮૧-૧૮૩॥

હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.

જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,
આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.

**ગાથાર્થ :**—જેમ સુવર્ણ અગ્નિથી તપ્ત થયું થકું પણ તેના સુવર્ણપણાને છોડતું નથી તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ જ્ઞાનીપણાને છોડતો નથી.—આવું જ્ઞાની જાણે છે, અને અજ્ઞાની અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી આત્માના સ્વભાવને નહિ જાણતો થકો રાગને જ આત્મા માને છે. ॥૧૮૪-૧૮૫॥

હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે? તેનો ઉત્તર કહે છે :—

જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.

**ગાથાર્થ :**—શુદ્ધ આત્માને જાણતો—અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો—અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે. ॥૧૮૬॥

હવે પૂછે છે કે સંવર કયા પ્રકારે થાય છે? તેનો ઉત્તર કહે છે :—

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઈચ્છા પરિહરી, ૧૮૭.

જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,—
—નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.

તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

**ગાથાર્થ :**—આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી રોકીને દર્શનજ્ઞાનમાં સ્થિત થયો થકો અને અન્ય

(વસ્તુ)ની ઈચ્છાથી વિરમ્યો થકો, જે આત્મા, (ઈચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, (પોતાના) આત્માને આત્મા વડે ધ્યાવે છે— કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, (પોતે) [1]ચેતયિતા (હોવાથી) એકત્વને જ ચિંતવે છે—ચેતે છે—અનુભવે છે, તે (આત્મા), આત્માને ધ્યાતો, દર્શનજ્ઞાનમય અને અનન્યમય થયો થકો અલ્પ કાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે. ॥૧૮૭-૧૮૯॥

હવે પૂછે છે કે સંવર કયા ક્રમે થાય છે? તેનો ઉત્તર કહે છે :—

રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,<br>
—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.

હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,<br>
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.

કર્મો તણા ય અભાવથી નોકર્મનું રોધન અને<br>
નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.

**ગાથાર્થ :**—તેમના (પૂર્વે કહેલા રાગદ્વેષમોહરૂપ આસ્રવોના) હેતુઓ સર્વદર્શીઓએ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતભાવ અને યોગ—એ (ચાર) અધ્યવસાન કહ્યા છે. જ્ઞાનીને હેતુઓના અભાવે નિયમથી આસ્રવનો નિરોધ થાય છે, આસ્રવભાવ વિના કર્મનો પણ નિરોધ થાય છે, વળી કર્મના અભાવથી નોકર્મોનો પણ નિરોધ થાય છે, અને નોકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે. ॥૧૯૦-૧૯૨॥

આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.

✻ ✻ ✻

## અધિકાર–૬

## નિર્જરા અધિકાર

હવે અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.

હવે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છે :—

ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઈંદ્રિયો વડે
જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.

**ગાથાર્થ :**—સમ્યગ્દૃષ્ટિ જીવ જે ઇન્દ્રિયો વડે અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ કરે છે તે સર્વ નિર્જરાનું નિમિત્ત છે. ॥૧૯૩॥

હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે :—

વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,
એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.

**ગાથાર્થ :**—વસ્તુ ભોગવવામાં આવતાં, સુખ અથવા દુઃખ નિયમથી ઉત્પન્ન થાય છે; ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા તે સુખદુઃખને વેદે છે—અનુભવે છે, પછી તે (સુખદુઃખરૂપ ભાવ) નિર્જરી જાય છે. ॥૧૯૪॥

હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે :—

જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.

**ગાથાર્થ :**—જેમ વૈદ્ય પુરુષ વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતો મરણ પામતો નથી, તેમ જ્ઞાની પુદ્ગલકર્મના ઉદયને ભોગવે છે તોપણ બંધાતો નથી. ॥૧૯૫॥

હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :—

જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,
દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.

**ગાથાર્થ** :—જેમ કોઈ પુરુષ મદિરાને અરતિભાવે (અપ્રીતિથી) પીતો થકો મત્ત થતો નથી, તેવી જ રીતે જ્ઞાની પણ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે અરત (અર્થાત્ વૈરાગ્યભાવે) વર્તતો થકો (કર્મોથી) બંધાતો નથી. ॥૧૯૬॥

જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઈંદ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી, કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ તેને જ્ઞાની ભોગવતો નથી—પામતો નથી.

હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છે :—

સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,
પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.

**ગાથાર્થ** :—કોઈ તો વિષયોને સેવતો છતાં નથી સેવતો અને કોઈ નહિ સેવતો છતાં સેવનારો છે—જેમ કોઈ પુરુષને પ્રકરણની ચેષ્ટા (કોઈ કાર્ય સંબંધી ક્રિયા) વર્તે છે તોપણ તે પ્રાકરણિક નથી. ॥૧૯૭॥

હવે પ્રથમ, સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—એમ ગાથામાં કહે છે :—

કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.

**ગાથાર્થ** :—કર્મોના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું. ॥૧૯૮॥

હવે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—એમ કહે છે :—

પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.

**ગાથાર્થ :—**રાગ પુદ્‌ગલકર્મ છે, તેનો વિપાકરૂપ ઉદય આ છે, આ મારો ભાવ નથી; હું તો નિશ્ચયથી એક જ્ઞાયકભાવ છું. ।।૧૯૯।।

આ રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે—એમ હવેની ગાથામાં કહે છે :—

સુદ્રષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.

**ગાથાર્થ :—**આ રીતે સમ્યગ્દ્રષ્ટિ આત્માને (પોતાને) જ્ઞાયકસ્વભાવ જાણે છે અને તત્ત્વને અર્થાત્‌ યથાર્થ સ્વરૂપને જાણતો થકો કર્મના વિપાકરૂપ ઉદયને છોડે છે. ।।૨૦૦।।

હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દ્રષ્ટિ ન હોય? તેનો ઉત્તર કહે છે :—

અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.

નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદ્રષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.

**ગાથાર્થ :—**ખરેખર જે જીવને પરમાણુમાત્ર—લેશમાત્ર—પણ રાગાદિક વર્તે છે તે જીવ ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ આત્માને નથી જાણતો; અને આત્માને નહિ જાણતો થકો તે અનાત્માને (પરને) પણ નથી જાણતો; એ રીતે જે જીવ અને અજીવને નથી જાણતો તે સમ્યગ્દ્રષ્ટિ કેમ હોઈ શકે?

હવે પૂછે છે કે (હે ગુરુદેવ!) તે પદ કયું છે? (તે તમે બતાવો). તે પ્રશ્નનો ઉત્તર કહે છે :—

જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

**ગાથાર્થ :—**આત્મામાં અપદભૂત દ્રવ્ય-ભાવોને છોડીને નિશ્ચિત, સ્થિર, એક આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ભાવને—કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને—(હે ભવ્ય!) જેવો છે તેવો ગ્રહણ કર. (તે તારું પદ છે.) ।।૨૦૩।।

હવે, 'કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે' એવા અર્થની ગાથા કહે છે:—

મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.

**ગાથાર્થ :—**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—તે એક જ પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે); તે આ પરમાર્થ છે (—શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે—) કે જેને પામીને આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે. ।।૨૦૪।।

જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :—

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.

**ગાથાર્થ :—**જ્ઞાનગુણથી રહિત ઘણાય લોકો (ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં) આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી; માટે હે ભવ્ય! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઈચ્છતો હો તો નિયત એવા આને (જ્ઞાનને) ગ્રહણ કર. ।।૨૦૫।।

આ (જ્ઞાનસ્વરૂપ) પદ કર્મથી ખરેખર દુરાસદ છે અને સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે; માટે નિજજ્ઞાનની કળાના બળથી આ પદને અભ્યાસવાને જગત સતત પ્રયત્ન કરો.

હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :—

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.**

**ગાથાર્થ :—**(હે ભવ્ય પ્રાણી!) તું આમાં (–જ્ઞાનમાં) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા; (આમ કરવાથી) તને ઉત્તમ સુખ થશે. ॥૨૦૬॥

સહજ ચિદાનંદ.

હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી? તેનો ઉત્તર કહે છે :—

'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.

**ગાથાર્થ :—**પોતાના આત્માને જ નિયમથી પોતાનો પરિગ્રહ જાણતો થકો કયો જ્ઞાની એમ કહે કે આ પરદ્રવ્ય મારું દ્રવ્ય છે? ।।૨૦૭।।

"માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું" એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છે :—

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.

**ગાથાર્થ :—**જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. કારણ કે હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.

વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે' એમ હવે કહે છે :—

છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.

**ગાથાર્થ :—**છેદાઈ જાઓ, અથવા ભેદાઈ જાઓ, અથવા કોઈ લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા તો ગમે તે રીતે જાઓ, તોપણ ખરેખર પરિગ્રહ મારો નથી. ।।૨૦૯।।

જ્ઞાનીને ધર્મનો (પુણ્યનો) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છે :

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

**ગાથાર્થ :**—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની ધર્મને (પુણ્યને) ઇચ્છતો નથી, તેથી તે ધર્મનો પરિગ્રહી નથી, (ધર્મનો) જ્ઞાયક જ છે. ।।૨૧૦।।

હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :—

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,
તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.

**ગાથાર્થ :**—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની અધર્મને (પાપને) ઇચ્છતો નથી, તેથી તે અધર્મનો પરિગ્રહી નથી, (અધર્મનો) જ્ઞાયક જ છે. ।।૨૧૧।।

હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છે:—

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,
તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.

**ગાથાર્થ :**—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની અશનને (ભોજનને) ઇચ્છતો નથી, તેથી તે અશનનો પરિગ્રહી નથી, (અશનનો) જ્ઞાયક જ છે. ।।૨૧૨।।

હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે :—

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,
તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.

**ગાથાર્થ :**—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની પાનને ઇચ્છતો નથી, તેથી તે પાનનો પરિગ્રહી નથી, (પાનનો) જ્ઞાયક જ છે. ।।૨૧૩।।

એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છે :—

એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;
સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.

**ગાથાર્થ :**—ઇત્યાદિક અનેક પ્રકારના સર્વ ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી; સર્વત્ર (બધામાં) નિરાલંબ એવો તે નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે. ॥૨૧૪॥

હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :—

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

**ગાથાર્થ :**—જે ઉત્પન્ન (અર્થાત્ વર્તમાન કાળના) ઉદયનો ભોગ તે, જ્ઞાનીને સદા વિયોગબુદ્ધિએ હોય છે અને આગામી (અર્થાત્ ભવિષ્ય કાળના) ઉદયની જ્ઞાની વાંછા કરતો નથી. ॥૨૧૫॥

હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી? તેનો ઉત્તર કહે છે :—

રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
—એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

**ગાથાર્થ :**—જે ભાવ વેદે છે (અર્થાત્ વેદકભાવ) અને જે ભાવ વેદાય છે (અર્થાત્ વેદ્યભાવ) તે બન્ને ભાવો સમયે સમયે વિનાશ પામે છે—એવું જાણનાર જ્ઞાની તે બન્ને ભાવોને કદાપિ વાંછતો નથી. ॥૨૧૬॥

એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે :—

સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,
તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.

**ગાથાર્થ :**—બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા સંસારસંબંધી

અને દેહસંબંધી અધ્યવસાનના ઉદયોમાં જ્ઞાનીને રાગ ઊપજતો જ નથી. ॥૨૧૭॥

હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છે :—

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.

પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

**ગાથાર્થ :—**જ્ઞાની કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે રાગ છોડનારો છે તે કર્મ મધ્યે રહેલો હોય તોપણ કર્મરૂપી રજથી લેપાતો નથી—જેમ સોનું કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. અને અજ્ઞાની કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે રાગી છે તે કર્મ મધ્યે રહ્યો થકો કર્મરજથી લેપાય છે—જેમ લોખંડ કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) તેમ. ॥૨૧૮-૨૧૯॥

આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે. એવો વસ્તુનો જે સ્વભાવ તે, પરવસ્તુઓ વડે કોઈ પણ રીતે બીજા જેવો કરી શકાતો નથી. માટે જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે તે કદી પણ અજ્ઞાન થતું નથી; તેથી હે જ્ઞાની! તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ, આ જગતમાં પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધથી તને બંધ થતો નથી).

હવે આ જ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :—

જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.

ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.

જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.

ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.

**ગાથાર્થ :**—જેમ શંખ અનેક પ્રકારનાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ભોગવે છે—ખાય છે તોપણ તેનું શ્વેતપણું (કોઈથી) કૃષ્ણ કરી શકાતું નથી, તેમ જ્ઞાની પણ અનેક પ્રકારનાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ભોગવે તોપણ તેનું જ્ઞાન (કોઈથી) અજ્ઞાન કરી શકાતું નથી.

જ્યારે તે જ શંખ (પોતે) તે શ્વેત સ્વભાવને છોડીને કૃષ્ણભાવને પામે (અર્થાત્ કૃષ્ણભાવે પરિણમે) ત્યારે શ્વેતપણાને છોડે (અર્થાત્ કાળો બને), તેવી રીતે ખરેખર જ્ઞાની પણ (પોતે) જ્યારે તે જ્ઞાનસ્વભાવને છોડીને અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાનપણાને પામે. ।।૨૨૦-૨૨૩।।

કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી પરંતુ જે કર્મને કરતો થકો તેના ફળની ઈચ્છા કરે તે જ તેનું ફળ પામે છે. માટે જે જ્ઞાનરૂપે વર્તે છે અને રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી બંધાતો નથી કારણ કે તેને કર્મના ફળની ઈચ્છા નથી.

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :—

જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.

ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.

વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.

સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.

**ગાથાર્થ** :—જેમ આ જગતમાં કોઈ પુરુષ આજીવિકા અર્થે રાજાને સેવે છે તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે, તેવી જ રીતે જીવપુરુષ સુખ અર્થે કર્મરજને સેવે છે તો તે કર્મ પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો આપે છે.

વળી જેમ તે જ પુરુષ આજીવિકા અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો નથી આપતો, તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ વિષય અર્થે કર્મરજને નથી સેવતો તો (અર્થાત્ તેથી) તે કર્મ પણ તેને સુખ ઉત્પન્ન કરનારા અનેક પ્રકારના ભોગો નથી આપતું. ।।૨૨૪-૨૨૭।।

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :—

સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.

**ગાથાર્થ** :—સમ્યગ્દૃષ્ટિ જીવો નિઃશંક હોય છે તેથી નિર્ભય હોય છે; અને કારણ કે સપ્ત ભયથી રહિત હોય છે તેથી નિઃશંક હોય છે (—અડોલ હોય છે). ।।૨૨૮।।

હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંકિત અંગની (અથવા નિઃશંકિત ગુણની—ચિહ્નની) ગાથા કહે છે :—

જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.

**ગાથાર્થ** :—જે ચેતયિતા, કર્મબંધ સંબંધી મોહ કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા) મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને છેદે છે, તે નિઃશંક સમ્યગ્દૃષ્ટિ જાણવો. ।।૨૨૯।।

હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે :—

જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૦.

**ગાથાર્થ :**—જે ચેતયિતા કર્મોનાં ફળો પ્રત્યે તથા સર્વ ધર્મો પ્રત્યે કાંક્ષા કરતો નથી તે નિષ્કાંક્ષ સમ્યગ્દ્રષ્ટિ જાણવો. ।।૨૩૦।।

હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે :—

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

**ગાથાર્થ :**—જે ચેતયિતા બધાય ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે જુગુપ્સા (ગ્લાનિ) કરતો નથી તે નિશ્ચયથી નિર્વિચિકિત્સ (–વિચિકિત્સાદોષ રહિત) સમ્યગ્દ્રષ્ટિ જાણવો. ।।૨૩૧।।

હવે અમૂઢદ્રષ્ટિ અંગની ગાથા કહે છે :—

સંમૂઢ નહિ જે સર્વ ભાવે,—સત્ય દ્રષ્ટિ ધારતો,
તે મૂઢદ્રષ્ટિરહિત સમકિતદ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

**ગાથાર્થ :**—જે ચેતયિતા સર્વ ભાવોમાં અમૂઢ છે—યથાર્થ દ્રષ્ટિવાળો છે, તે ખરેખર અમૂઢદ્રષ્ટિ સમ્યગ્દ્રષ્ટિ જાણવો. ।।૨૩૨।।

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે :—

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૩.

**ગાથાર્થ :**—જે (ચેતયિતા) સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે અને પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) તે ઉપગૂહનકારી સમ્યગ્દ્રષ્ટિ જાણવો. ।।૨૩૩।।

હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છે :—

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૪.

**ગાથાર્થ :**—જે ચેતયિતા ઉન્માર્ગે જતા પોતાના આત્માને પણ માર્ગમાં સ્થાપે છે, તે સ્થિતિકરણયુક્ત (સ્થિતિકરણગુણ સહિત) સમ્યગ્દૃષ્ટિ જાણવો. ॥૨૩૪॥

હવે વાત્સલ્ય ગુણની ગાથા કહે છે :—

જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.

**ગાથાર્થ :**—જે (ચેતયિતા) મોક્ષમાર્ગમાં રહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો—સાધનો પ્રત્યે (અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ—એ ત્રણ સાધુઓ પ્રત્યે) વાત્સલ્ય કરે છે, તે વત્સલભાવયુક્ત (વત્સલભાવ સહિત) સમ્યગ્દૃષ્ટિ જાણવો. ॥૨૩૫॥

હવે પ્રભાવના ગુણની ગાથા કહે છે :—

ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.

**ગાથાર્થ :**—જે ચેતયિતા વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (—ચઢ્યો થકો) મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) ભ્રમણ કરે છે, તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો સમ્યગ્દૃષ્ટિ જાણવો. ॥૨૩૬॥

—એ રીતે નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો નિર્જરા પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.

* * *

# અધિકાર–૭
# બંધ અધિકાર

હવે અહીં રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :—

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯.

એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.

ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદૃષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

**ગાથાર્થ :**—જેવી રીતે—કોઈ પુરુષ (પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને અને બહુ રજવાળી (ધૂળવાળી) જગ્યામાં રહીને શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત (નાશ) કરે છે; એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ (ધૂળનું ચોંટવું) ખરેખર કયા કારણે થાય છે તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશભાવ છે તેનાથી તેને રજનો બંધ થાય છે એમ નિશ્ચયથી જાણવું,

શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. એવી રીતે—બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદ્રષ્ટિ (પોતાના) ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય—બંધાય છે. ।।૨૩૭-૨૪૧।।

સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી—એમ હવે કહે છે :—

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪.

એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દ્રષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

**ગાથાર્થ** :—વળી જેવી રીતે—તે જ પુરુષ, સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થને દૂર કરવામાં આવતાં, બહુ રજવાળી જગ્યામાં શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત કરે છે; એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ ખરેખર કયા કારણે નથી થતો તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશભાવ હોય તેનાથી તેને રજનો બંધ થાય છે એમ નિશ્ચયથી જાણવું, શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. (માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી.) એવી રીતે—

બહુ પ્રકારના યોગોમાં વર્તતો સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મરજથી લેપાતો નથી. ॥૨૪૨-૨૪૬॥

હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :—

જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.

**ગાથાર્થ :**—જે એમ માને છે કે 'હું પર જીવોને મારું છું (–હણું છું) અને પર જીવો મને મારે છે', તે મૂઢ (–મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે જ્ઞાની છે. ॥૨૪૭॥

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :—

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯.

**ગાથાર્થ :**—(હે ભાઈ! 'હું પર જીવોને મારું છું' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; તું પર જીવોનું આયુકર્મ તો હરતો નથી, તો તેં તેમનું મરણ કઈ રીતે કર્યું?

(હે ભાઈ! 'પર જીવો મને મારે છે' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; પર જીવો તારું આયુકર્મ તો હરતા નથી, તો તેમણે તારું મરણ કઈ રીતે કર્યું? ॥૨૪૮-૨૪૯॥

ફરી પૂછે છે કે "(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?" તેનો ઉત્તર કહે છે :—

જે માનતો—હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

**ગાથાર્થ :**—જે જીવ એમ માને છે કે હું પર જીવોને જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે, તે મૂઢ (—મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે જ્ઞાની છે. ।।૨૫૦।।

હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :—

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું? ૨૫૧.
છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું? ૨૫૨.

**ગાથાર્થ :**—જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો (હે ભાઈ!) તેં તેમનું જીવિત (જીવતર) કઈ રીતે કર્યું?

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; પર જીવો તને આયુકર્મ તો દેતા નથી તો (હે ભાઈ!) તેમણે તારું જીવિત કઈ રીતે કર્યું? ।।૨૫૧-૨૫૨।।

દુઃખ-સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે :—

જે માનતો—મુજથી દુખીસુખી હું કરું પર જીવને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.

**ગાથાર્થ :**—જે એમ માને છે કે મારા પોતાથી હું (પર) જીવોને દુઃખી-સુખી કરું છું, તે મૂઢ (—મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત તે જ્ઞાની છે. ।।૨૫૩।।

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :—

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા? ૨૫૪.
જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને? ૨૫૫.
જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬.

**ગાથાર્થ** :—જો સર્વ જીવો કર્મના ઉદયથી દુ:ખી-સુખી થાય છે, અને તું તેમને કર્મ તો દેતો નથી, તો (હે ભાઈ!) તેં તેમને દુ:ખી-સુખી કઈ રીતે કર્યા?

જો સર્વ જીવો કર્મના ઉદયથી દુ:ખી –સુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો (હે ભાઈ!) તેમણે તને દુ:ખી કઈ રીતે કર્યો?

જો સર્વ જીવો કર્મના ઉદયથી દુ:ખી-સુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો (હે ભાઈ!) તેમણે તને સુખી કઈ રીતે કર્યો? ।।૨૫૪-૨૫૬।।

જેઓ પરને મારવા-જિવાડવાનો તથા સુખ-દુ:ખ કરવાનો અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદ્રષ્ટિ છે. તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :—

મરતો અને જે દુખી થતો—સૌ કર્મના ઉદયે બને,
તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.
વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮.

**ગાથાર્થ** :—જે મરે છે અને જે દુઃખી થાય છે તે સૌ કર્મના ઉદયથી થાય છે; તેથી 'મેં માર્યો, મેં દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી?

વળી જે નથી મરતો અને નથી દુઃખી થતો તે પણ ખરેખર કર્મના ઉદયથી જ થાય છે; તેથી 'મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી?।।૨૫૭-૨૫૮।।

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :—

આ બુદ્ધિ જે તુજ—'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

**ગાથાર્થ** :—તારી જે આ બુદ્ધિ છે કે હું જીવોને દુઃખી-સુખી કરું છું, તે આ તારી મૂઢ બુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) શુભાશુભ કર્મને બાંધે છે।।૨૫૯।।.

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે— ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :—

કરતો તું અધ્યવસાન—'દુખિત-સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.

કરતો તું અધ્યવસાન—'મારું જિવાડું છું પર જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

**ગાથાર્થ** :—'હું જીવોને દુઃખી-સુખી કરું છું' આવું જે તારું અધ્યવસાન, તે જ પાપનું બંધક અથવા પુણ્યનું બંધક થાય છે.

'હું જીવોને મારું છું અને જિવાડું છું' આવું જે તારું અધ્યવસાન, તે જ પાપનું બંધક અથવા પુણ્યનું બંધક થાય છે.।।૨૬૦-૨૬૧।।

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'—એમ હવે કહે છે :—

મારો—ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,
—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.

**ગાથાર્થ :**—જીવોને મારો અથવા ન મારો—કર્મબંધ અધ્યવસાનથી જ થાય છે. આ, નિશ્ચયનયે, જીવોના બંધનો સંક્ષેપ છે. ॥૨૬૧॥

હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :—

એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે
જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.
એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે
જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.

**ગાથાર્થ :**—એ રીતે (અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ) અસત્યમાં, અદત્તમાં, અબ્રહ્મચર્યમાં અને પરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે તેનાથી પાપનો બંધ થાય છે; અને તેવી જ રીતે સત્યમાં, દત્તમાં, બ્રહ્મચર્યમાં અને અપરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે તેનાથી પુણ્યનો બંધ થાય છે.॥૨૬૩-૨૬૪॥

વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી. ('અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.) આવા અર્થની ગાથા હવે કહે છે :—

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.

**ગાથાર્થ :**—વળી, જીવોને જે અધ્યવસાન થાય છે તે વસ્તુને અવલંબીને થાય છે તોપણ વસ્તુથી બંધ નથી, અધ્યવસાનથી જ બંધ છે. ॥૨૬૫॥

આ રીતે બંધના કારણપણે (—કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે—એમ હવે દર્શાવે છે :—

કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

**ગાથાર્થ :—**હે ભાઈ! ‘હું જીવોને દુ:ખી-સુખી કરું છું, બંધાવું છું તથા મુકાવું છું, એવી જે આ તારી મૂઢ મતિ (—મોહિત બુદ્ધિ) છે તે નિરર્થક હોવાથી ખરેખર મિથ્યા (—ખોટી) છે. ।।૨૬૬।।

હવે પૂછે છે કે અધ્યવસાય પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે :—

સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.

**ગાથાર્થ :—**હે ભાઈ! જો ખરેખર અધ્યવસાનના નિમિત્તે જીવો કર્મથી બંધાય છે અને મોક્ષમાર્ગમાં સ્થિત મુકાય છે, તો તું શું કરે છે? (તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)।।૨૬૭।।

આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો આત્મા પોતાને સર્વરૂપ કરે છે,—એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.

આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો.

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :—

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.

વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

**ગાથાર્થ :**—જીવ અધ્યવસાનથી તિર્યંચ, નારક, દેવ અને મનુષ્ય એ સર્વ પર્યાયો, તથા અનેક પ્રકારનાં પુણ્ય અને પાપ—એ બધારૂપ પોતાને કરે છે. વળી તેવી રીતે જીવ અધ્યવસાનથી ધર્મ-અધર્મ, જીવ-અજીવ અને લોક-અલોક—એ બધારૂપ પોતાને કરે છે.॥૨૬૮-૨૬૯॥

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી—એમ હવે ગાથામાં કહે છે :—

એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

**ગાથાર્થ :**—આ (પૂર્વે કહેલાં) તથા આવાં બીજાં પણ અધ્યવસાન જેમને નથી, તે મુનિઓ અશુભ કે શુભ કર્મથી લેપાતા નથી. ॥૨૭૦॥

“અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.” આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે.

બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
પરિણામ, ચિત્ત ને ભાવ—શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.

**ગાથાર્થ :**—બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ— એ બધા એકાર્થ જ છે (—નામ જુદાં છે, અર્થ જુદા નથી). ॥૨૭૧॥

હવે આ અર્થને ગાથામાં કહે છે :—

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

**ગાથાર્થ** :—એ રીતે (પૂર્વોક્ત રીતે) (પરાશ્રિત એવો) વ્યવહારનય નિશ્ચયનય વડે નિષિદ્ધ જાણ; નિશ્ચયનયને આશ્રિત મુનિઓ નિર્વાણને પામે છે. ।।૨૭૨।।

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? તેનો ઉત્તર કહે છે :—

જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. ૨૭૩.

**ગાથાર્થ** :—જિનવરોએ કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરતાં છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદ્રષ્ટિ છે. ।।૨૭૩।।

હવે શિષ્ય પૂછે છે કે—તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છે :—

મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.

**ગાથાર્થ** :—મોક્ષને નહિ શ્રદ્ધતો એવો જે અભવ્યજીવ છે તે શાસ્ત્રો તો ભણે છે, પરંતુ જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને શાસ્ત્રપઠન ગુણ કરતું નથી. ।।૨૭૪।।

ફરી શિષ્ય પૂછે છે કે—અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું? તેનો ઉત્તર હવે કહે છે :—

તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

**ગાથાર્થ** :—તે (અભવ્ય જીવ) ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે, તેની જ પ્રતીત કરે છે, તેની જ રુચિ કરે છે અને તેને જ સ્પર્શે છે, પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. (કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીત કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો.) ।।૨૭૫।।

હવે પૂછે છે કે “નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય—તે બન્ને નયો કેવા છે?” એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :—

‘આચાર’ આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે,—એ કથન નય વ્યવહારનું. ૨૭૬.

મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

**ગાથાર્થ :**—આચારાંગ આદિ શાસ્ત્રો તે જ્ઞાન છે, જીવ આદિ તત્ત્વો તે દર્શન જાણવું અને છ જીવ-નિકાય તે ચારિત્ર છે—એમ તો વ્યવહારનય કહે છે.

નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે, મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ (–સમાધિ, ધ્યાન) છે. ।।૨૭૬-૨૭૭।।

રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; ત્યારે તે રાગાદિકનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ?” એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છે :—

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.

ત્યમ ‘જ્ઞાની’ પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

**ગાથાર્થ :**—જેમ સ્ફટિકમણિ શુદ્ધ હોવાથી રાગાદિરૂપે (રતાશ-

આદિરૂપે) પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે તે રક્ત (–રાતો) આદિ કરાય છે, તેમ જ્ઞાની અર્થાત્ આત્મા શુદ્ધ હોવાથી રાગાદિરૂપે પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રાગાદિ દોષો વડે તે રાગી આદિ કરાય છે. ।।૨૭૮-૨૭૯।।

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છે :—

કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે
જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.

**ગાથાર્થ :—**જ્ઞાની રાગદ્વેષમોહને કે કષાયભાવને પોતાની મેળે પોતામાં કરતો નથી તેથી તે, તે ભાવોનો કારક અર્થાત્ કર્તા નથી. ।।૨૮૦।।

એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિકને (–રાગાદિભાવોને) પોતાના કરે છે, તેથી (તેમનો) કર્તા થાય છે.

હવે આ અર્થની ગાથા કહે છે :—

પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

**ગાથાર્થ :—**રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) જે ભાવો થાય છે તે-રૂપે પરિણમતો અજ્ઞાની રાગાદિકને ફરીને પણ બાંધે છે. ।।૨૮૧।।

“તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું)” એમ હવે કહે છે :—

એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

**ગાથાર્થ :—**રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો

ઉદય થતાં) જે ભાવો થાય છે તે-રૂપે પરિણમતો થકો આત્મા રાગાદિકને બાંધે છે.

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે? તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છે :—

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.

અણપ્રતિક્રમણ બે—દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.

અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

ગાથાર્થ :—અપ્રતિક્રમણ બે પ્રકારનું તેમ જ અપ્રત્યાખ્યાન બે પ્રકારનું જાણવું;—આ ઉપદેશથી આત્મા અકારક વર્ણવવામાં આવ્યો છે.

અપ્રતિક્રમણ બે પ્રકારનું છે—દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે—દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી;—આ ઉપદેશથી આત્મા અકારક વર્ણવવામાં આવ્યો છે.

જ્યાં સુધી આત્મા દ્રવ્યનું અને ભાવનું અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન કરે છે ત્યાં સુધી તે કર્તા થાય છે એમ જાણવું. ||૨૮૩-૨૮૫||

હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે :—

આધાકરમ ઈત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે? ૨૮૬.

ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,
તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.

ગાથાર્થ :—અધઃકર્મ આદિ જે આ પુદ્‌ગલદ્રવ્યના દોષો છે

(તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કરતો નથી;) તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કેમ કરે કે જે સદા પરદ્રવ્યના ગુણો છે?

માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું આ પુદ્ગલમય દ્રવ્ય છે (તે મારું કર્યું થતું નથી;) તે મારું કર્યું કેમ થાય કે જે સદા અચેતન કહેવામાં આવ્યું છે? ॥૨૮૬-૨૮૭॥

રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો બંધનો પ્રરૂપક સાતમો અંક સમાપ્ત થયો.

* * *

સહજ ચિદાનંદ.

# અધિકાર–૮
# મોક્ષ અધિકાર

હવે અહીં રંગભૂમિમાં મોક્ષ તત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી—એમ કહે છે :—

જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,
તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.

પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,
ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.

ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને
જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.

**ગાથાર્થ :**—જેવી રીતે બંધનમાં ઘણા કાળથી બંધાયેલો કોઈ પુરુષ તે બંધનના તીવ્ર-મંદ (આકરા-ઢીલા) સ્વભાવને અને કાળને (અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ) જાણે છે, પરંતુ જો તે બંધનને પોતે કાપતો નથી તો તેનાથી છૂટતો નથી અને બંધનવશ રહેતો થકો ઘણા કાળે પણ તે પુરુષ બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; તેવી રીતે જીવ કર્મ-બંધનોનાં પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમ જ અનુભાગને જાણતાં છતાં પણ (કર્મબંધથી) છૂટતો નથી, પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય તો જ છૂટે છે. ॥૨૮૮-૨૯૦॥

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છે :—

બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.

**ગાથાર્થ :—**જેમ બંધનથી બંધાયેલો પુરુષ બંધોના વિચાર કરવાથી મોક્ષ પામતો નથી (અર્થાત્ બંધથી છૂટતો નથી), તેમ જીવ પણ બંધોના વિચાર કરવાથી મોક્ષ પામતો નથી. ॥૨૯૧॥

"(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી) તો મોક્ષનું કારણ કયું છે?" એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છે :—

બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.

**ગાથાર્થ :—**જેમ બંધનથી બંધાયેલો પુરુષ બંધોને છેદીને મોક્ષ પામે છે, તેમ જીવ બંધોને છેદીને મોક્ષ પામે છે. ॥૨૯૨॥

'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—

બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.

**ગાથાર્થ :—**બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે, તે કર્મોથી મુકાય છે. ॥૨૯૩॥

'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ કયા સાધન વડે જુદા કરી શકાય છે)?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—

જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.

**ગાથાર્થ :—**જીવ તથા બંધ નિયત સ્વલક્ષણોથી (પોતપોતાનાં

નિશ્ચિત લક્ષણોથી) છેદાય છે; પ્રજ્ઞારૂપી છીણી વડે છેદવામાં આવતાં તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે. ।।૨૯૪।।

'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.

**ગાથાર્થ :**—એ રીતે જીવ અને બંધ તેમનાં નિશ્ચિત સ્વલક્ષણોથી છેદાય છે. ત્યાં, બંધને છેદવો અર્થાત્ છોડવો અને શુદ્ધ આત્માને ગ્રહણ કરવો. ।।૨૯૫।।

('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?')—એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છે :—

એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.

**ગાથાર્થ :**—(શિષ્ય પૂછે છે કે–) તે (શુદ્ધ) આત્મા કઈ રીતે ગ્રહણ કરાય? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે–) પ્રજ્ઞા વડે તે (શુદ્ધ) આત્મા ગ્રહણ કરાય છે. જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો, તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો. ।।૨૯૬।।

હવે પૂછે છે કે—આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે :—

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૭.

**ગાથાર્થ :**—પ્રજ્ઞા વડે (આત્માને) એમ ગ્રહણ કરવો કે—જે

ચેતનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું. ।।૨૯૭।।

(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શનજ્ઞાન-સામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો—એમ કહે છે :—)

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે દેખનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૮.

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે જાણનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૯.

**ગાથાર્થ :—**પ્રજ્ઞા વડે એમ ગ્રહણ કરવો કે—જે દેખનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું.

પ્રજ્ઞા વડે એમ ગ્રહણ કરવો કે—જે જાણનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું. ।।૨૯૮-૨૯૯।।

હવે આ ઉપદેશની ગાથા કહે છે :—

સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,
તે કોણ જ્ઞાની ‘મારું આ’ એવું વચન બોલે ખરે? ૩૦૦.

**ગાથાર્થ :—**સર્વ ભાવોને પારકા જાણીને કોણ જ્ઞાની, પોતાને શુદ્ધ જાણતો થકો, ‘આ મારું છે’ (–‘આ ભાવો મારા છે’) એવું વચન બોલે? ।।૩૦૦।।

જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે તેથી બંધમાં પડે છે, અને જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે—મગ્ન છે—સંતુષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ નિરપરાધી છે તેથી બંધાતો નથી.

હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :—

અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.

અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
‘બંધાઉં હું’ એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.

ત્યમ આતમા અપરાધી ‘હું બંધાઉં’ એમ સશંક છે,
ને નિરપરાધી જીવ ‘નહિ બંધાઉં’ એમ નિઃશંક છે. ૩૦૩.

**ગાથાર્થ :—**જે પુરુષ ચોરી આદિ અપરાધો કરે છે તે ‘લોકમાં ફરતાં રખે મને કોઈ ચોર જાણીને બાંધશે–પકડશે’ એમ શંકિત ફરે છે; જે પુરુષ અપરાધ કરતો નથી તે લોકમાં નિઃશંક ફરે છે, કારણ કે તેને બંધાવાની ચિંતા કદાપિ ઊપજતી નથી. એવી રીતે અપરાધી આત્મા ‘હું અપરાધી છું તેથી હું બંધાઈશ’ એમ શંકિત હોય છે, અને જો નિરપરાધી (આત્મા) હોય તો ‘હું નહિ બંધાઉં’ એમ નિઃશંક હોય છે. ।।૩૦૧-૩૦૩।।

હવે પૂછે છે કે આ ‘અપરાધ’ એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે :—

સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત—એક છે,
એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.

વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,
વર્તે સદા આરાધનાથી, જાણતો ‘હું’ આત્મને. ૩૦૫.

**ગાથાર્થ :—**સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત—એ શબ્દો એકાર્થ છે; જે આત્મા ‘અપગતરાધ’ અર્થાત્ રાધથી રહિત છે તે આત્મા અપરાધ છે.

વળી જે આત્મા નિરપરાધ છે તે નિઃશંક હોય છે; ‘શુદ્ધ આત્મા તે જ હું છું’ એમ જાણતો થકો આરાધનાથી સદા વર્તે છે. ।।૩૦૪-૩૦૫।।

(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :—) "એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે, માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે. વ્યવહારાચારસૂત્રમાં (–વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં–) પણ કહ્યું છે કે—

ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :—

**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા—એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**

**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ—અમૃતકુંભ છે. ૩૦૭.**

**ગાથાર્થ :—**પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ—એ આઠ પ્રકારનો વિષકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે).

અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ—એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે—કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી). ॥૩૦૬-૩૦૭॥

રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.

* * *

# અધિકાર–૯
# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

રંગભૂમિમાં જીવ-અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ આઠ સ્વાંગ આવ્યા. તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

હવે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છે :—

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.

જીવ—અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.

ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.

રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

**ગાથાર્થ :**—જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે છે તે ગુણોથી તેને અનન્ય જાણ; જેમ જગતમાં કડાં આદિ પર્યાયોથી સુવર્ણ અનન્ય છે તેમ.

જીવ અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યા છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ.

કારણ કે કોઈથી ઉત્પન્ન થયો નથી તેથી તે આત્મા (કોઈનું) કાર્ય નથી, અને કોઈને ઉપજાવતો નથી તેથી તે (કોઈનું) કારણ પણ નથી.

નિયમથી કર્મના આશ્રયે (–કર્મને અવલંબીને) કર્તા હોય છે;

તેમ જ કર્તાના આશ્રયે કર્મો ઉત્પન્ન થાય છે; બીજી કોઈ રીતે કર્તાકર્મની સિદ્ધિ જોવામાં આવતી નથી. ॥૩૦૮-૩૧૧॥

(હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :—)

પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!
ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.

અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને
—આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.

**ગાથાર્થ :—**ચેતક અર્થાત્ આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજે છે તથા વિણસે છે, અને પ્રકૃતિ પણ ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે ઊપજે છે તથા વિણસે છે. એ રીતે પરસ્પર નિમિત્તથી બન્નેનો—આત્માનો ને પ્રકૃતિનો—બંધ થાય છે, અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે. ॥૩૧૨-૩૧૩॥

('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, અસંયત છે' એમ હવે કહે છે :—)

ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.

આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,
જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.

**ગાથાર્થ :—**જ્યાં સુધી આ આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું છોડતો નથી, ત્યાં સુધી તે અજ્ઞાયક છે, મિથ્યાદૃષ્ટિ છે, અસંયત છે.

જ્યારે આત્મા અનંત કર્મફળને છોડે છે, ત્યારે તે જ્ઞાયક છે, દર્શક છે, મુનિ છે, વિમુક્ત (અર્થાત્ બંધથી રહિત) છે. ॥૩૧૪-૩૧૫॥

કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ

આત્માનો) સ્વભાવ કહ્યો નથી. અજ્ઞાનથી જ તે ભોક્તા છે, અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.

હવે આ અર્થને ગાથામાં કહે છે :—

અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,
ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.

**ગાથાર્થ :—**અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો કર્મફળને વેદે (ભોગવે) છે અને જ્ઞાની તો ઉદિત (ઉદયમાં આવેલા) કર્મફળને જાણે છે, વેદતો નથી. ॥૩૧૬॥

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે—એમ કહે છે) :—

સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.

**ગાથાર્થ :—**સારી રીતે શાસ્ત્રો ભણીને પણ અભવ્ય પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) છોડતો નથી, જેમ સાકરવાળું દૂધ પીતાં છતાં સર્પો નિર્વિષ થતા નથી. ॥૩૧૭॥

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે—એવો નિયમ કરવામાં આવે છે :—

નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,
—કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.

**ગાથાર્થ :—**નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો) જ્ઞાની મીઠા-કડવા બહુવિધ કર્મફળને જાણે છે તેથી તે અવેદક છે. ॥૩૧૮॥

જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરણના અને વેદનના (—કરવાના અને ભોગવવાના—) અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.

હવે આ જ અર્થને ફરી દૃઢ કરે છે :—

કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,
બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.

**ગાથાર્થ :**—જ્ઞાની બહુ પ્રકારનાં કર્મોને કરતો પણ નથી, વેદતો (ભોગવતો) પણ નથી; પરંતુ પુણ્ય અને પાપરૂપ કર્મબંધને તથા કર્મફળને જાણે છે. ॥૩૧૯॥

હવે પૂછે છે કે—(જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :—

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

**ગાથાર્થ :**— જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે, અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે. ॥૩૨૦॥

સહજ ચિદાનંદ.

જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી.

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છે :—

જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',
ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', ૩૨૧.

તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.

એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
—જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

**ગાથાર્થ :—**લોકના (લૌકિક જનોના) મતમાં દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય—પ્રાણીઓને વિષ્ણુ કરે છે; અને જો શ્રમણોના (મુનિઓના) મન્તવ્યમાં પણ છ કાયના જીવોને આત્મા કરતો હોય તો લોક અને શ્રમણોનો એક સિદ્ધાંત થાય છે, કાંઈ ફેર દેખાતો નથી; (કારણ કે) લોકના મતમાં વિષ્ણુ કરે છે અને શ્રમણોના મતમાં પણ આત્મા કરે છે (તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા). એ રીતે, દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકના કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા તે લોક તેમ જ શ્રમણ—બન્નેનો કોઈ મોક્ષ દેખાતો નથી. ॥૩૨૧-૩૨૩॥

હવે, "જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે" ઇત્યાદિ અર્થની ગાથાઓ દ્રષ્ટાંત સહિત કહે છે :—

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.

જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫.

એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.

તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.

**ગાથાર્થ :**—જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો વ્યવહારનાં વચનોને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે, પરંતુ જ્ઞાનીઓ નિશ્ચય વડે જાણે છે કે 'કોઈ પરમાણુમાત્ર પણ મારું નથી'.

જેવી રીતે કોઈ પુરુષ 'અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર' એમ કહે છે, પરંતુ તે તેનાં નથી, મોહથી તે આત્મા 'મારાં' કહે છે; તેવી જ રીતે જે જ્ઞાની પણ 'પરદ્રવ્ય મારું છે' એમ જાણતો થકો પરદ્રવ્યને પોતારૂપ કરે છે, તે નિઃસંદેહ અર્થાત્ ચોક્કસ મિથ્યાદૃષ્ટિ થાય છે.

માટે તત્ત્વજ્ઞો 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, આ બન્નેનો (—લોકનો અને શ્રમણનો—) પરદ્રવ્યમાં કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, એમ જાણે છે કે આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે. ॥૩૨૪-૩૨૬॥

હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?'—એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છે :—

જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.

અથવા કરે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.

જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.

જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,
પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત!—એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.

**ગાથાર્થ :**—જો મિથ્યાત્વ નામની (મોહનીય કર્મની) પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે એમ માનવામાં આવે, તો તારા મતમાં અચેતન પ્રકૃતિ (મિથ્યાત્વભાવની) કર્તા બની! (તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો!)

અથવા, આ જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને કરે છે એમ માનવામાં આવે, તો પુદ્ગલ-દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ ઠરે!—જીવ નહિ!

અથવા જો જીવ તેમ જ પ્રકૃતિ બન્ને પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ કરે છે એમ માનવામાં આવે, તો જે બન્ને વડે કરવામાં આવ્યું તેનું ફળ બન્ને ભોગવે!

અથવા જો પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ નથી પ્રકૃતિ કરતી કે નથી જીવ કરતો (—બેમાંથી કોઈ કરતું નથી) એમ માનવામાં આવે, તો પુદ્ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે! તે શું ખરેખર મિથ્યા નથી?

(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો—ભાવકર્મનો—કર્તા જીવ જ છે.)॥૩૨૮-૩૩૧॥

'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છે :—

"કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.
કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.

કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ ને સર્વને કર્મ જ કરે. ૩૩૪.
કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,—સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
વળી ‘પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઈચ્છે પુરુષને’
—એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.
એ રીત ‘કર્મ જ કર્મને ઈચ્છે’—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
—એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીત ‘કર્મ જ કર્મને હણતું’—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.’’ ૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
અથવા તું માને ‘આતમા મારો કરે નિજ આત્મને’,
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.
માને તું—‘જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે’,
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

ગાથાર્થ :—‘‘કર્મો (જીવને) અજ્ઞાની કરે છે તેમ જ કર્મો (જીવને) જ્ઞાની કરે છે, કર્મો સુવાડે છે તેમ જ કર્મો જગાડે છે, કર્મો

સુખી કરે છે તેમ જ કર્મો દુઃખી કરે છે, કર્મો મિથ્યાત્વ પમાડે છે તેમ જ કર્મો અસંયમ પમાડે છે, કર્મો ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં ભમાવે છે, જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું કર્મો જ કરે છે. જેથી કર્મ કરે છે, કર્મ આપે છે, કર્મ હરી લે છે—એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે, તેથી સર્વ જીવો અકારક (અકર્તા) ઠરે છે.

વળી, પુરુષવેદકર્મ સ્ત્રીનું અભિલાષી છે અને સ્ત્રીવેદકર્મ પુરુષની અભિલાષા કરે છે— એવી આ આચાર્યની પરંપરાથી ઊતરી આવેલી શ્રુતિ છે; માટે અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી, કારણ કે કર્મ જ કર્મની અભિલાષા કરે છે એમ કહ્યું છે.

વળી, જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પ્રકૃતિ છે—એ અર્થમાં પરઘાતનામકર્મ કહેવામાં આવે છે, તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ ઉપઘાતક (હણનાર) નથી કારણ કે કર્મ જ કર્મને હણે છે એમ કહ્યું છે.’’

(આચાર્યભગવાન કહે છે કે :—) આ પ્રમાણે આવો સાંખ્યમતનો ઉપદેશ જે શ્રમણો (જૈન મુનિઓ) પ્રરૂપે છે તેમના મતમાં પ્રકૃતિ જ કરે છે અને આત્માઓ તો સર્વે અકારક છે એમ ઠરે છે!

અથવા (કર્તાપણાનો પક્ષ સાધવાને) જો તું એમ માને કે ‘મારો આત્મા પોતાના (દ્રવ્યરૂપ) આત્માને કરે છે’, તો એવું જાણનારનો તારો એ મિથ્યાસ્વભાવ છે (અર્થાત્ એમ જાણવું તે તારો મિથ્યાસ્વભાવ છે); કારણ કે—સિદ્ધાંતમાં આત્માને નિત્ય, અસંખ્યાત-પ્રદેશી બતાવ્યો છે, તેનાથી તેને હીન-અધિક કરી શકાતો નથી; વળી વિસ્તારથી પણ જીવનું જીવરૂપ નિશ્ચયથી લોકમાત્ર જાણ; તેનાથી શું તે હીન અથવા અધિક થાય છે? તો પછી (આત્મા) દ્રવ્યને (અર્થાત્ દ્રવ્યરૂપ આત્માને) કઈ રીતે કરે છે?

અથવા જો ‘જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે’ એમ માનવામાં આવે, તો એમ પણ આત્મા પોતે પોતાના આત્માને કરતો નથી એમ ઠરે છે!॥૩૩૨-૩૪૪॥

હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે :—

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૫.
પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૬.
જીવ જે કરે તે ભોગવે નહિ—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.
જીવ અન્ય કરતો, અન્ય વેદે—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

**ગાથાર્થ :**—કારણ કે જીવ કેટલાક પર્યાયોથી નાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી નાશ પામતો, તેથી '(જે ભોગવે છે) તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે' એવો એકાંત નથી (—સ્યાદ્વાદ છે).

કારણ કે જીવ કેટલાક પર્યાયોથી નાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી નાશ પામતો, તેથી '(જે કરે છે) તે જ ભોગવે છે' અથવા 'બીજો જ ભોગવે છે' એવો એકાંત નથી (—સ્યાદ્વાદ છે).

'જે કરે છે તે જ નથી ભોગવતો' એવો જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ, અનાર્હત (—અર્હત્‌ના મતને નહિ માનનારો) જાણવો.

'બીજો કરે છે અને બીજો ભોગવે છે' એવો જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ, અનાર્હત (—અજૈન) જાણવો.।।૩૪૫-૩૪૮।।

કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે; નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.

કેવળ વ્યવહાર-દૃષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દૃષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે.

હવે આ કથનને દ્રષ્ટાંત દ્વારા ગાથામાં કહે છે :—

જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.
જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.
જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.
શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.
—એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.
શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,
ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.
ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે.
ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫.

**ગાથાર્થ :—**જેમ શિલ્પી (—સોની આદિ કારીગર) કુંડળ આદિ કર્મ કરે છે પરંતુ તે તન્મય (તે-મય, કુંડળાદિમય) થતો નથી, તેમ જીવ પણ પુણ્યપાપ આદિ પુદ્‌ગલકર્મ કરે છે પરંતુ તન્મય (પુદ્‌ગલકર્મમય) થતો નથી. જેમ શિલ્પી હથોડા આદિ કરણો વડે (કર્મ) કરે છે પરંતુ તે તન્મય (હથોડા આદિ કરણોમય) થતો નથી, તેમ જીવ (મન-વચન-કાયરૂપ) કરણો વડે (કર્મ) કરે છે પરંતુ તન્મય (મન -વચન-કાયરૂપ કરણોમય) થતો નથી. જેમ શિલ્પી કરણોને ગ્રહણ કરે છે પરંતુ તે તન્મય થતો નથી, તેમ જીવ કરણોને ગ્રહણ કરે છે પરંતુ તન્મય (કરણોમય) થતો નથી. જેમ શિલ્પી કુંડળ આદિ કર્મના ફળને (ખાનપાન આદિને) ભોગવે છે પરંતુ તે તન્મય (ખાન-

પાનાદિમય) થતો નથી, તેમ જીવ પુણ્યપાપાદિ પુદ્‌ગલકર્મના ફળને (પુદ્‌ગલ-પરિણામરૂપ સુખદુ:ખાદિને) ભોગવે છે પરંતુ તન્મય (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુ:ખાદિમય) થતો નથી.

એ રીતે તો વ્યવહારનો મત સંક્ષેપથી કહેવાયોગ્ય છે. (હવે) નિશ્ચયનું વચન સાંભળ કે જે પરિણામવિષયક છે.

જેમ શિલ્પી ચેષ્ટારૂપ કર્મને (પોતાના પરિણામરૂપ કર્મને) કરે છે અને તેનાથી અનન્ય છે, તેમ જીવ પણ (પોતાના પરિણામરૂપ) કર્મને કરે છે અને તેનાથી અનન્ય છે. જેમ ચેષ્ટારૂપ કર્મ કરતો શિલ્પી નિત્ય દુ:ખી થાય છે અને તેનાથી (દુ:ખથી) અનન્ય છે, તેમ ચેષ્ટા કરતો (પોતાના પરિણામરૂપ કર્મને કરતો) જીવ દુ:ખી થાય છે (અને દુ:ખથી અનન્ય છે).।।૩૪૯-૩૫૫।।

આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છે :—

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.

એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.

એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

**ગાથાર્થ :—**(જોકે વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક, દૃશ્ય-દર્શક, ત્યાજ્ય-ત્યાજક ઈત્યાદિ સંબંધ છે, તોપણ નિશ્ચયે તો આ પ્રમાણે છે :—) જેમ ખડી પરની (—ભીંત આદિની) નથી, ખડી તે તો ખડી જ છે, તેમ જ્ઞાયક (જાણનારો, આત્મા) પરનો (પરદ્રવ્યનો) નથી, જ્ઞાયક તે તો જ્ઞાયક જ છે. જેમ ખડી પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ દર્શક (દેખનારો, આત્મા) પરનો નથી, દર્શક તે તો દર્શક જ છે. જેમ ખડી પરની (—ભીંત આદિની) નથી, ખડી તે તો ખડી જ છે, તેમ સંયત (ત્યાગ કરનારો, આત્મા) પરનો (—પરદ્રવ્યનો) નથી, સંયત તે તો સંયત જ છે. જેમ ખડી પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ દર્શન અર્થાત્ શ્રદ્ધાન પરનું નથી, દર્શન તે તો દર્શન જ છે અર્થાત્ શ્રદ્ધાન તે તો શ્રદ્ધાન જ છે.

એ પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે નિશ્ચયનયનું કથન છે. વળી તે વિષે સંક્ષેપથી વ્યવહારનયનું કથન સાંભળ.

જેમ ખડી પોતાના સ્વભાવથી (ભીંત આદિ) પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ જ્ઞાતા પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને જાણે છે. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ જીવ પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને દેખે છે. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને

સફેદ કરે છે, તેમ જ્ઞાતા પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને ત્યાગે છે. જેમ ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને સફેદ કરે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને શ્રદ્ધે છે. આ પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે વ્યવહારનયનો નિર્ણય કહ્યો; બીજા પર્યાયો વિષે પણ એ રીતે જ જાણવો. ।।૩૫૬-૩૬૫।।

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.—આવા અર્થની ગાથાઓ હવે કહે છે :—

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.
છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.
જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદ્રષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.
વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

**ગાથાર્થ :—**દર્શન-જ્ઞાન-ચારિત્ર અચેતન વિષયમાં જરા પણ નથી, તેથી આત્મા તે વિષયોમાં શું હણે (અર્થાત્ શાનો ઘાત કરી શકે)?

દર્શન-જ્ઞાન-ચારિત્ર અચેતન કર્મમાં જરા પણ નથી, તેથી આત્મા તે કર્મમાં શું હણે? (કાંઈ હણી શકતો નથી.)

દર્શન-જ્ઞાન-ચારિત્ર અચેતન કાયામાં જરા પણ નથી, તેથી આત્મા તે કાયાઓમાં શું હણે? (કાંઈ હણી શકતો નથી.)

જ્ઞાનનો, દર્શનનો તથા ચારિત્રનો ઘાત કહ્યો છે, ત્યાં

પુદ્‌ગલદ્રવ્યનો ઘાત જરા પણ કહ્યો નથી. (દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી.)

(આ રીતે) જે કોઈ જીવના ગુણો છે, તે ખરેખર પર દ્રવ્યોમાં નથી; તેથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ નથી.

વળી રાગ, દ્વેષ અને મોહ જીવના જ અનન્ય (એકરૂપ) પરિણામ છે, તે કારણે રાગાદિક શબ્દાદિ વિષયોમાં (પણ) નથી. ।।૩૬૬-૩૭૧।।

તત્ત્વદ્રષ્ટિથી જોતાં, રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ—

કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.

**ગાથાર્થઃ**—અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી (એ સિદ્ધાંત છે કે) સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે. ।।૩૭૨।।

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્‌ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તુ અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (—સંબંધ વિનાનો, તટસ્થ) છે, તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.—આવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ—

રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.

પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.

શુભ કે અશુભ જે શબ્દ તે ‘તું સુણ મને’ ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.

શુભ કે અશુભ જે રૂપ તે ‘તું જો મને’ ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.

શુભ કે અશુભ જે ગંધ તે ‘તું સૂંઘ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.

શુભ કે અશુભ રસ જેહ તે ‘તું ચાખ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.

શુભ કે અશુભ જે સ્પર્શ તે ‘તું સ્પર્શ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.

શુભ કે અશુભ જે ગુણ તે ‘તું જાણ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.

શુભ કે અશુભ જે દ્રવ્ય તે ‘તું જાણ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.

—આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

**ગાથાર્થ :—**બહુ પ્રકારનાં નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે પુદ્‌ગલો પરિણમે છે; તેમને સાંભળીને અજ્ઞાની જીવ ‘મને કહ્યું’ એમ માનીને રોષ તથા તોષ કરે છે (અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે).

પુદ્‌ગલદ્રવ્ય શબ્દપણે પરિણમ્યું છે; તેનો ગુણ જો (તારાથી)

અન્ય છે, તો હે અજ્ઞાની જીવ! તને કાંઈ પણ કહ્યું નથી; તું અજ્ઞાની થયો થકો રોષ શા માટે કરે છે?

અશુભ અથવા શુભ શબ્દ તને એમ નથી કહેતો કે 'તું મને સાંભળ'; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને ગ્રહવા (જાણવા) જતો નથી.

અશુભ અથવા શુભ રૂપ તને એમ નથી કહેતું કે 'તું મને જો'; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), ચક્ષુ-ઈન્દ્રિયના વિષયમાં આવેલા (અર્થાત્ ચક્ષુગોચર થયેલા) રૂપને ગ્રહવા જતો નથી.

અશુભ અથવા શુભ ગંધ તને એમ નથી કહેતી કે 'તું મને સૂંઘ'; અને આત્મા પણ ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આવેલી ગંધને (પોતાના સ્થાનથી ચ્યુત થઈને) ગ્રહવા જતો નથી.

અશુભ અથવા શુભ રસ તને એમ નથી કહેતો કે 'તું મને ચાખ'; અને આત્મા પણ રસના-ઈન્દ્રિયના વિષયમાં આવેલા રસને (પોતાના સ્થાનથી છૂટીને) ગ્રહવા જતો નથી.

અશુભ અથવા શુભ સ્પર્શ તને એમ નથી કહેતો કે 'તું મને સ્પર્શ'; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), કાયાના (—સ્પર્શેન્દ્રિયના) વિષયમાં આવેલા સ્પર્શને ગ્રહવા જતો નથી.

અશુભ અથવા શુભ ગુણ તને એમ નથી કહેતો કે 'તું મને જાણ'; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને ગ્રહવા જતો નથી.

અશુભ અથવા શુભ દ્રવ્ય તને એમ નથી કહેતું કે 'તું મને જાણ'; અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને ગ્રહવા જતો નથી.

આવું જાણીને પણ મૂઢ જીવ ઉપશમને પામતો નથી; અને શિવ બુદ્ધિને (કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને) નહિ પામેલો પોતે પરને ગ્રહવાનું મન કરે છે. ।।૩૭૩-૩૮૨।।

અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે, અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે અને ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે; સદાય આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.— આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :—

શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,
તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.

શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪.

શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,
તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.

પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,
નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.

**ગાથાર્થ :**—પૂર્વે કરેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું (જ્ઞાનાવરણીયાદિ) શુભાશુભ કર્મ તેનાથી જે આત્મા પોતાને *નિવર્તાવે છે, તે આત્મા પ્રતિક્રમણ છે.

ભવિષ્ય કાળનું જે શુભ-અશુભ કર્મ તે જે ભાવમાં બંધાય છે તે ભાવથી જે આત્મા નિવર્તે છે, તે આત્મા પ્રત્યાખ્યાન છે.

વર્તમાન કાળે ઉદયમાં આવેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું શુભ-અશુભ કર્મ તે દોષને જે આત્મા ચેતે છે—અનુભવે છે—જ્ઞાતાભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામિત્વ–કર્તાપણું છોડે છે), તે આત્મા ખરેખર આલોચના છે.

જે સદા પ્રત્યાખ્યાન કરે છે, સદા પ્રતિક્રમણ કરે છે અને સદા આલોચના કરે છે, તે આત્મા ખરેખર ચારિત્ર છે. ॥૩૮૩-૩૮૬॥

અજ્ઞાનરૂપ (અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો, તેના તરફ જ (–કર્મ અને કર્મફળ તરફ જ–) એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો, તે અજ્ઞાનચેતના છે. તેનાથી કર્મનો બંધ થાય છે, કે જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે.

હવે આ કથનને ગાથા દ્વારા કહે છે :—

જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૭.

જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૮.

જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને. ૩૮૯.

**ગાથાર્થ :**—કર્મના ફળને વેદતો થકો જે આત્મા કર્મફળને પોતારૂપ કરે છે (–માને છે), તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને—દુઃખના બીજને—બાંધે છે.

કર્મના ફળને વેદતો થકો જે આત્મા 'કર્મફળ મેં કર્યું' એમ જાણે છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને—દુઃખના બીજને—બાંધે છે.

કર્મના ફળને વેદતો થકો જે આત્મા સુખી અને દુઃખી થાય છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને—દુઃખના બીજને—બાંધે છે. ।।૩૮૭-૩૮૯।।

અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં હવેની ગાથાઓમાં એમ કહે છે કે—) સમસ્ત વસ્તુઓથી ભિન્નપણાના નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન, પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી (–અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી) ઉત્પન્ન થતી (અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (–સર્વ

આકુળતાથી રહિત) અને દેદીપ્યમાન વર્તતું થકું, નિશ્ચળ રહે છે.

હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે.

એ જ અર્થની ગાથાઓ હવે કહે છે :—

રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૩૯૦.
રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧.
રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું—જિન કહે; ૩૯૨.
રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩.
રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૪.
રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિનવર કહે; ૩૯૫.
રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.
રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭.
રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.
અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.

રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪૦૦.
આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું—જિન કહે; ૪૦૧.
નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.
રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઈમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.
સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

**ગાથાર્થ :—** શાસ્ત્ર જ્ઞાન નથી કારણ કે શાસ્ત્ર કાંઈ જાણતું નથી (–જડ છે,) માટે જ્ઞાન અન્ય છે, શાસ્ત્ર અન્ય છે—એમ જિનદેવો કહે છે. શબ્દ જ્ઞાન નથી કારણ કે શબ્દ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, શબ્દ અન્ય છે—એમ જિનદેવો કહે છે. રૂપ જ્ઞાન નથી કારણ કે રૂપ કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, રૂપ અન્ય છે—એમ જિનદેવો કહે છે. વર્ણ જ્ઞાન નથી કારણ કે વર્ણ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, વર્ણ અન્ય છે—એમ જિનદેવો કહે છે. ગંધ જ્ઞાન નથી કારણ કે ગંધ કાંઈ જાણતી નથી, માટે જ્ઞાન અન્ય છે, ગંધ અન્ય છે—એમ જિનદેવો કહે છે. રસ જ્ઞાન નથી કારણ કે રસ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે અને રસ અન્ય છે—એમ જિનદેવો કહે છે. સ્પર્શ જ્ઞાન નથી કારણ કે સ્પર્શ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, સ્પર્શ અન્ય છે—એમ જિનદેવો કહે છે. કર્મ જ્ઞાન નથી કારણ કે કર્મ કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, કર્મ અન્ય છે—એમ જિનદેવો કહે છે. ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) જ્ઞાન નથી કારણ કે ધર્મ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, ધર્મ અન્ય છે—એમ જિનદેવો કહે છે. અધર્મ (અર્થાત્ અધર્માસ્તિકાય) જ્ઞાન નથી કારણ કે અધર્મ કાંઈ જાણતો

નથી, માટે જ્ઞાન અન્ય છે, અધર્મ અન્ય છે—એમ જિનદેવો કહે છે. કાળ જ્ઞાન નથી કારણ કે કાળ કાંઈ જાણતો નથી, માટે જ્ઞાન અન્ય છે, કાળ અન્ય છે—એમ જિનદેવો કહે છે. આકાશ પણ જ્ઞાન નથી કારણ કે આકાશ કાંઈ જાણતું નથી, માટે જ્ઞાન અન્ય છે, આકાશ અન્ય છે— એમ જિનદેવો કહે છે. અધ્યવસાન જ્ઞાન નથી કારણ કે અધ્યવસાન અચેતન છે, માટે જ્ઞાન અન્ય છે તથા અધ્યવસાન અન્ય છે (–એમ જિનદેવો કહે છે).

કારણ કે (જીવ) નિરંતર જાણે છે માટે જ્ઞાયક એવો જીવ જ્ઞાની (–જ્ઞાનવાળો, જ્ઞાનસ્વરૂપ) છે, અને જ્ઞાન જ્ઞાયકથી અવ્યતિરિક્ત છે (–અભિન્ન છે, જુદું નથી) એમ જાણવું.

બુધ પુરુષો (અર્થાત્ જ્ઞાની જનો) જ્ઞાનને જ સમ્યગ્દૃષ્ટિ, (જ્ઞાનને જ) સંયમ, અંગપૂર્વગત સૂત્ર, ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) તથા દીક્ષા માને છે. ॥૩૯૦-૪૦૪॥

સહજ ચિદાનંદ.

આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (—નિશ્ચળ રહેલું) છે; તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય? (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.)

હવે આ અર્થને ગાથામાં કહે છે :—

એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,
પુદ્ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.
જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.
તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,
છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.

**ગાથાર્થ :—**એ રીતે જેનો આત્મા અમૂર્તિક છે તે ખરેખર આહારક નથી; આહાર તો મૂર્તિક છે કારણ કે તે પુદ્ગલમય છે.

જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી, એવો જ કોઈ તેનો (—આત્માનો) પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.

માટે જે વિશુદ્ધ આત્મા છે તે જીવ અને અજીવ દ્રવ્યોમાં (—પરદ્રવ્યોમાં) કાંઈ પણ ગ્રહતો નથી તથા કાંઈ પણ છોડતો નથી.ાા૪૦૫-૪૦૭ાા

આમ શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી; તેથી જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણનથી.

હવે આ અર્થને ગાથામાં કહે છે :—

બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.
પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

**ગાથાર્થ :—**બહુ પ્રકારનાં મુનિલિંગોને અથવા ગૃહીલિંગોને ગ્રહણ કરીને મૂઢ (અજ્ઞાની) જનો એમ કહે છે કે આ (બાહ્ય) લિંગ મોક્ષમાર્ગ છે'.

પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી; કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે. ।।૪૦૭-૪૦૯।।

હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે—એમ સિદ્ધ કરે છે) :—

મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

**ગાથાર્થ :—**મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો એ મોક્ષમાર્ગ નથી; દર્શન-જ્ઞાન-ચારિત્રને જિનદેવો મોક્ષમાર્ગ કહે છે. ।।૪૧૦।।

જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું—એમ હવે ઉપદેશ કરે છે :—

તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,
ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.

**ગાથાર્થ :—**માટે સાગારો વડે (–ગૃહસ્થો વડે) અથવા અણગારો વડે (–મુનિઓ વડે) ગ્રહાયેલાં લિંગોને છોડીને, દર્શનજ્ઞાન-ચારિત્રમાં—કે જે મોક્ષમાર્ગ છે તેમાં—તું આત્માને જોડ. ।।૪૧૧।।

આત્માનું તત્ત્વ દર્શન-જ્ઞાનચારિત્રત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે); તેથી મોક્ષના ઈચ્છક પુરુષે (આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.

હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છે :—

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

**ગાથાર્થ :**—(હે ભવ્ય!) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત—અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર. ॥૪૧૨॥

જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે (અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે), તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા—અનુભવતા નથી. કેવો છે તે સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા? નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી), અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી), એક છે (અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી), અતુલ (–ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી), સ્વભાવપ્રભાનો પુંજ છે (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે),અમલ છે (અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે).

(આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી; તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?)

હવે આ અર્થની ગાથા કહે છે :—

બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે
મમતા કરે, તેણે નથી જાણ્યો ‘સમયના સાર’ને. ૪૧૩.

**ગાથાર્થ :**—જેઓ બહુ પ્રકારનાં મુનિલિંગોમાં અથવા ગૃહસ્થલિંગોમાં મમતા કરે છે (અર્થાત્ આ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર

છે એમ માને છે), તેમણે સમયસારને નથી જાણ્યો. ॥૪૧૩॥

'વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને—એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે, નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી'—એમ હવે ગાથામાં કહે છે :—

વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,
નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.

**ગાથાર્થ :—**વ્યવહારનય બન્ને લિંગોને મોક્ષમાર્ગમાં કહે છે (અર્થાત્ વ્યવહારનય મુનિલિંગ તેમ જ ગૃહીલિંગને મોક્ષમાર્ગ કહે છે); નિશ્ચયનય સર્વ લિંગોને (અર્થાત્ કોઈ પણ લિંગને) મોક્ષમાર્ગમાં ગણતો નથી. ॥૪૧૪॥

હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છે :—

આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.

**ગાથાર્થ :—**જે આત્મા (—ભવ્ય જીવ) આ સમયપ્રાભૃતને ભણીને, અર્થ અને તત્ત્વથી જાણીને, તેના અર્થમાં સ્થિત થશે, ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે. ॥૪૧૪॥

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રનો સર્વવિશુદ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત થયો.

❑ ❑ ❑

ૐ

# ❀ જિનજીની વાણી ❀

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

*રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

# પરમાગમ શ્રી સમયસારની ગાથાઓ

## પૂર્વરંગ

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.

શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.

ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ૠષિ શ્રુતકેવળી તેને કહે. ૯.

શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.

દર્શન, વળી નિત જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.

જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',
—એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.

હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.

અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.

સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.

જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.

જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી
સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.

જીવ-દેહ બન્ને એક છે—વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

જીવથી જુદા પુદ્ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,
પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.

જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,
નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.

ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,
—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

* * *

# જીવ-અજીવ અધિકાર

કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
‘છે કર્મ, અધ્યવસાન તે જીવ’ એમ એ નિરૂપણ કરે! ૩૯.

વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.

કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.

કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.

દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.

પુદ્ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ
સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.

રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.

વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,
આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.

‘નિર્ગમન આ નૃપનું થયું’—નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.

ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
—સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.

નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.

નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.

જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.

સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.

નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.

વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્‌ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

દેખી લૂંટાતું પંથમાં કો, ‘પંથ આ લૂંટાય છે’—
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.

ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જિનો વ્યવહારથી ‘આ વર્ણ છે આ જીવનો’. ૫૯.

એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,
સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.

આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,
તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.

વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,
સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.

એ રીત પુદ્ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,
ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.

પ્રકૃતિ આ પુદ્ગલમયી થકી કરણરૂપ થતાં અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.

પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી
કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.

મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,
તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.

*　　*　　*

# કર્તા-કર્મ અધિકાર

આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.

જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.

વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.

પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.

એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.

જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.

જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.

એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ—મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

જીવભાવ, પુદ્‌ગલભાવ—બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને
અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.

છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.

એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.

જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
—એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,
નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.

પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,
પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.

જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલ તણા પરિણામ છે,
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.

જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે
પુદ્‌ગલદરવને આતમા—વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.

ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
—મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.

વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
—મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.

પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.

તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.

જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.

જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.

જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્ગલદ્રવ્યને,
ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.

સ્વયમેવ પુદ્ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯.

પુદ્ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઈત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.

ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.

જો ક્રોધ—પુદ્ગલકર્મ—જીવને પરિણમાવે ક્રોધમાં,
ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.

અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે—તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં—મિથ્યા બને. ૧૨૪.

ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.

અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.

અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.

ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.

જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.

શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો<br>
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.

આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,<br>
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે; ૧૩૫.

કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,<br>
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્ગલના બને,<br>
તો જીવ ને પુદ્ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.

પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્ગલદ્રવ્યને,<br>
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.

જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,<br>
તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.

પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,<br>
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.

છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;<br>
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧.

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;<br>
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,<br>
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.

સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,<br>
નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.

* * *

# પુણ્ય-પાપ અધિકાર

છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!
તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.

જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.

જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.

એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
—એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

પરમાર્થ છે નક્કી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,
એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.

પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.

વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.

પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.

જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.

એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.

ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

* * *

# આસ્રવ અધિકાર

મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,
એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.

વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.

ફળ પકવ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,
ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,
ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.

ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.

અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.

સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.

આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.

નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદ્રષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.

હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.

પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.

ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

* * *

# સંવર અધિકાર

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.

ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.

આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.

જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,
આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.

જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઈચ્છા પરિહરી, ૧૮૭.

જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,—
—નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.

તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
——મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.

હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.

કર્મો તણા ય અભાવથી નોકર્મનું રોધન અને
નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.

* * *

ૐ
સહજ ચિદાનંદ.

# નિર્જરા અધિકાર

ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઈંદ્રિયો વડે
જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.

વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,
એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.

જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.

જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,
દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.

સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,
પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.

કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.

પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.

સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.

અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.

નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.

જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.

'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.

છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,
તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,
તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,
તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.

એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઈચ્છે સર્વને;
સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
—એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,
તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.

પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.

ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.

જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.

ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.

જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.

ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.

વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.

સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.

સમ્યક્ત્વવંત જીવો નિ:શંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિ:શંક છે. ૨૨૮.

જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.

જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

સંમૂઢ નહિ જે સર્વ ભાવે,—સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.

જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.

ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.

* * *

ૐ
સહજ ચિદાનંદ.

## બંધ અધિકાર

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯.

એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.

ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદૃષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪.

એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯.

જે માનતો—હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું? ૨૫૧.

છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું? ૨૫૨.

જે માનતો—મુજથી દુખીસુખી હું કરું પર જીવને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા? ૨૫૪.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને? ૨૫૫.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬.

મરતો અને જે દુખી થતો—સૌ કર્મના ઉદયે બને,
તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.

વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮.

આ બુદ્ધિ જે તુજ—'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

કરતો તું અધ્યવસાન—'દુખિત-સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.

કરતો તું અધ્યવસાન—'મારું જિવાડું છું પર જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

મારો—ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,
—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.

એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે
જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.

એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે
જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.

કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.

વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
પરિણામ, ચિત્ત ને ભાવ—શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.

મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.

તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે,—એ કથન નય વ્યવહારનું. ૨૭૬.

મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.

ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે
જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.

પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.

અણપ્રતિક્રમણ બે—દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.

અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

આધાકરમ ઈત્યાદિ પુદ્ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ ‘જ્ઞાની’ કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે? ૨૮૬.

ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્ગલિક આ દ્રવ્ય જે,
તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.

*　*　*

# મોક્ષ અધિકાર

જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,
તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.

પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,
ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.

ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને
જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.

બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.

બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.

બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.

જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.

એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૭.

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે દેખનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૮.

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે જાણનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૯.

સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,
તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.

અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.

અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.

ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,
ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.

સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત—એક છે,
એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.

વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,
વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.

પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃતિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા—એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.

અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ—અમૃતકુંભ છે. ૩૦૭.

*  *  *

# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.

જીવ—અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.

ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.

રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!
ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.

અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને
—આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.

ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.

આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,
જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.

અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,
ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.

સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.

નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,
—કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.

કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,
બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',
ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', ૩૨૧.

તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.

એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
—જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.

જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫.

એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.

તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.

જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.

અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.

જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.

જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વણકૃત!—એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.

“કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.

કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.

કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ ને સર્વને કર્મ જ કરે. ૩૩૪.

કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,—સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.

વળી ‘પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઈચ્છે પુરુષને’
—એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.

એ રીત ‘કર્મ જ કર્મને ઈચ્છે’—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.

વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
—એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.

એ રીત ‘કર્મ જ કર્મને હણતું’—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.” ૩૩૯.

એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.

અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.

જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.

વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.

માને તું—'જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે',
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૫.

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૬.

જીવ જે કરે તે ભોગવે નહિ—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.

જીવ અન્ય કરતો, અન્ય વેદે—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.

જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.

જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.

શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.

—એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.

શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,
ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.

ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે.
ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.

એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.

એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.

છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.

જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.

વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.

રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.

પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે?૩૭૪.

શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.

શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.

શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.

શુભ કે અશુભ રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.

શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.

શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.

શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.

—આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,
તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.

શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪.

શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,
તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.

પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,
નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.

જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૭.

જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૮.

જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને. ૩૮૯.

રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૩૯૦.

રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧.

રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું—જિન કહે; ૩૯૨.

રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩.

રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૪.

રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિનવર કહે; ૩૯૫.

રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.

રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭.

રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.

અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.

રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪૦૦.

આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું—જિન કહે; ૪૦૧.

નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.

રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઈમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.

સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ’રક ખરે,
પુદ્ગલમયી છે આ’ર તેથી આ’ર તો મૂર્તિક ખરે. ૪૦૫.

જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.

તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,
છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.

બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન ‘આ લિંગ મુક્તિમાર્ગ છે’. ૪૦૮.

પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,
ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે
મમતા કરે, તેણે નથી જાણ્યો ‘સમયના સાર’ને. ૪૧૩.

વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,
નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.

આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.